આજનો સુવિચાર

બીજાના દુઃખથી દુઃખી થવું તે સેવાનો મુળભુત સિધ્ધાંત છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૮૮ જૂનાગઢ તા. ૧૨-૧૧-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

# હિમાચલપ્રદેશની ૬૮ બેઠકો ઉપર યોજાઈ રહેલું મતદાન : પ્રારંભીક કલાકોમાં ૨૫ ટકા

સિમલા તા.૧૨ : ઉત્તર ભારતના ભાજપશાસીત રાજય હિમાચલપ્રદેશ વિધાનસભાની ૬૮ બેઠકોની પ્રતિષ્ઠાજનક ચૂંટણી માટે આજે સવારથી મતદાન યોજાઈ રહયું છે. પ્રારંભીક લાકોમાં ૨૫ ટકા મતદાન થયું હોવાનું જાણવા મળે છે. હિમાચલપ્રદેશનાં લાહોલ સ્પિતિમાં પ્રારંભ પાંચ કલાકમાં સૌથી ઓછું માત્ર પાંચ ટકા મતદાન નોંધાયું છે. સવારથી જ અનેક સ્થળોએ મતદારની લાઈનો લાગી હતી અને ટોચના રાજકીય નેતાઓએ પણ મતદાન કર્યુ હતું. ચૂંટણી શાંતિપૂર્ણ રહે તે માટે રાજયભરમાં સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. હિમાચલપ્રદેશની ૬૮ બેઠકો માટે કુલ ૪૧૨ ઉમેદવારો મેદાનમાં છે અને ૫૫.૯૨ લાખ મતદારો પોતાના મતાધિકારીનો ઉપયોગ કરશે. રાજયમાં આજે એક જ તબક્કામાંચૂંટણીયોજાવાની છેઅને તેનું પરિણામ ૮ ડિસેમ્બરે ગુજરાતની સાથે જ જાહેર થશે. રાજયમાં ૬૮ બેઠકો માટે ૭૮૮૧ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા હતા. હિમાચલપ્રદેશમાં આ વખતે ત્રિપાંખીયો ચૂંટણી જંગ છે. ભાજપ, કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ મેદાનમાં છે. ત્રણેય પક્ષોએ તમામ બેઠકો ઉપર ઉમેદવારો ઉભા રાખ્યા છે. હાલ મુખ્યમંત્રી જયરામ ઠાકુરના નેતૃત્વમાં ભાજપની સરકાર છે. રાજયમાં તમામ ૬૮ બેઠકો ઉપર આજેસવારેઆઠ વાગ્યાથી મતદાન શરૂ થયુ હતું અને અનેક ભાગો-મતદાનમથકોમાં સવારથી મતદારોનીલાઈનો જોવા મળીહતી. પ્રાથમીક રિપોર્ટ પ્રમાણે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી જયરામ ઠાકુરે સવારમાં જ પરિવાર સાથે સિરાજ વિધાનસભા મતક્ષેત્રમાં મતદાન કર્યુ હતું અને મહતમ મતદાન કરવા લોકોને આહવાન કર્યુ હતું. રાજયના વિપક્ષી નેતા મુકેશ અગ્નિહોત્રીએ પણ પરિવાર સાથે મતદાન કર્યુ હતું.

હિમાચલપ્રદેશમાં સતા જાળવવા માટે ભાજપ દ્વારા તમામ તાકાતકામે લગાડવામાં આવીહતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમીત શાહ, પાર્ટી અધ્યક્ષ જે.પી.નડ્ડા સહિતના નેતાઓએ પ્રચાર કર્યો હતો. કોંગ્રેસે પણ પ્રિયંકા સહિતના નેતાઓને પ્રચાર મેદાનમાં ઉતારીને તમામ તાકાત લગાવી હતી. રાજયમાં અનેક નેતાઓની પ્રતિષ્ઠા દાવ ઉપર છે. રાજયમાં વિધાનસભા ચૂંટણી શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે થાય તે માટે ચૂંટણીપંચ દ્વારા તમામ-વ્યાપકપગલાઓ લેવામાં આવ્યા જ હતા. અર્ધલશ્કરીદળો સહિતની સુરક્ષા એજન્સીઆને તૈનાત રાખવામાં આવી હતી. સામાન્ય નાનીમોટી ફરિયાદો સિવાય મતદાન શાંતિપૂર્ણ બની રહ્યું છે.

# ભાજપે વધુ ૬ બેઠકોનાં ઉમેદવારો જાહેર કર્યા

અમદાવાદ તા. ૧૨ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પોતાના ૧૬૦ ઉમેદવારો પહેલા જ જાહેર કરીદીધા છે. આજે ભાજપે પહેલા ચરણના મતદાનમાં બાકી રહેલા ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. ભાજપે વધુ ૬ બેઠકો ઉપરનાં ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં ધોરાજીથી મહેન્દ્ર પાડલિયા, ખંભાળિયાથી મૂળુ બેરા, કુતિયાણાથી ઢેલીબેન ઓડેદરા, ભાવનગર પૂર્વથી સેજલ પંડ્યા, દેડિયાપાડાથી હિતેશ વસાવા, ચોર્યાસીથી સંદીપ દેસાઈને ટીકીટ આપી છે. ૧૪ નવેમ્બર પ્રથમ તબક્કા માટે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. બીજી યાદીમાં બે મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે. તેસાથેજ ભાજપેપોતાના ૧૬૮ ઉમેદવારો જાહેર કર્યા છે. હજુ ભાજપે ૧૬ ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. મહત્વનું છે કે, ભાજપે જાહેર કરેલા ૧૬૮ ઉમેદવારોમાં ૧૬ મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

# મોરબી પુલ દુર્ઘટનામાં સુઓમોટો અરજીની સોમવારે સુનાવણી : નવા-જુનીનાં સંકેતો

અમદાવાદ તા.૧૨ : મોરબી ઝુલતો પુલ તૂટી પડવાની દુર્ઘટનામાં હાઈકોર્ટેઆશરે એક સપ્તાહ બાદ સુઓમોટો દાખલ કરી હતી અને આજે ૧૪ દિવસ જેટલો સમય થઈ ગયો છે. તો પણ હજુ મુખ્ય આરોપી કોણ? કોની હતી બેદરકારી? મોરબી નગરપાલિકાની શું ભૂમિકા? તે સહિતના અનેક સવાલો ઊભા છે ત્યારે હાઈકોર્ટે કરેલ સુઓમોટોમાં ૧૦ દિવસમાં સરકારે આ ઘટનામાં શું પગલાંલીધા તેનો રિપોર્ટ ફાઈલ કરવાનું કહ્યું છે અને આગામીસોમવાર તારીખ ૧૪ નવેમ્બરે તેની સુનાવણી છે જેથી કરીને ત્યારે નવાજૂની થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પીઆઈએલની પણ સુનાવણી સાથે જ થાય તેમ છે.

મોરબીમાં ૩૦ ઓક્ટોબરે સાંજના સમયે ઝુલતો પુલ તૂટી પડ્યો હતો જે હોનારતમાં ૫૦ બાળકો સહિત કુલ મળીને ૧૩૫ લોકોના મોત થયા હતા જેથી આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને હાઈકોર્ટેસુઓમોટોદાખલ કરીહતી અને રાજ્ય સરકાર ઉપરાંત મોરબી નગરપાલિકા, શહેરી વિકાસ વિભાગ, રાજ્યના ચીફ સેક્રેટરી, રાજ્ય માનવાધિકાર પંચ વગેરેને એક પક્ષે પક્ષકાર બનાવવાનો આદેશ કર્યો હતો અત્રે ઉલ્લેખનીય છે કે, આ પુલ તૂટી પડવાની ઘટના સંબંધે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અગાઉ હાઈકોર્ટને પત્ર લખીને આ મામલે સુઓમોટો દાખલ કરવાની વિનંતી કરી હતી. ત્યાર બાદ હાઈકોર્ટે આ ઘટનામાં સુઓમોટો દાખલ કરી હતી અને સરકારને નોટિસ આપીને કામગીરીનો રિપોર્ટ માંગ્યો હતો

# કેજરીવાલે ૮.૫૦ લાખ ડોલર ચુકવીને ન્યુયોર્ક ટાઈમ્સ - વોશીંગ્ટન પોસ્ટમાં સમાચાર પ્રસિધ્ધ કરાવ્યા હોવાનો મહા ઠગ સુકેશનો દાવો

નવી દિલ્હી, તા.૧૨: મની લોન્ડ્રીંગ કેસમાં આરોપી સુકેશ ચંદ્રશેખર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સત્યેન્દ્ર જૈન માટેમાથાનો દુઃખાવો બની રહ્યો છે. તેણે હવે પોતાનો પાંચમો પત્ર જારી કરીને બંને ઉપર ગંભીર આરોપો લગાવ્યા છે. સુકેશેપોતાના પત્રમાં લખ્યું- કેજરીવાલજી, જો હું મહાઠગ છું તો તમે મને દિલ્હીની સરકારી શાળાઓના પ્રમોશન માટે આંતરરાષ્ટ્રીય પીઆરની વ્યવસ્થા કરવાનું કેમ કહ્યું હતું ?

તેણે દાવો કર્યો હતો કે ન્યૂયોર્ક ટાઈમ્સ, વોશિંગ્ટન પોસ્ટ જેવા અખબારોમાં પેઈડ ન્યૂઝ માટે ૮ લાખ ૫૦ હજાર ડોલર અને ૧૫ ટકા વધારાનું કમિશન આપવામાં આવ્યું હતું. મને કહેવામાં આવ્યું કે એવું પ્રમોશન હોવું જોઈએ જે આજ સુધી કોઈએ કર્યુ નથી. અગાઉ આખા પૈસા અમેરિકન ખાતામાં જમા કરવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ સત્યેન્દ્ર જૈને પછીથી આખી રકમ રોકડમાં ચૂકવવાનું કેમ કહ્યું શા માટે તમે મારા દ્વારા વ્હાઈટમાં ચૂકવણી કરી સુકેશે પત્રમાં કહ્યું- હું મારા પોલીગ્રાફ ટેસ્ટ માટે તૈયાર છું. મેં કરેલા તમામ આક્ષેપો એકદમ સાચા છે. જો તમે સાચા છો તો તમને (કેજરીવાલ) અને સત્યેન્દ્ર જૈનને તમારો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવામાં કોઈ સમસ્યા ન હોવી જોઈએ.

સુકેશે પત્રમાં લખ્યું છે કે તે પોતાના ઉપર લાગેલા આરોપોના પુરાવા આપવા માટે પણ તૈયાર છે. સુકેશે કહ્યું કે આપણે ત્રણેયનો એકસાથે પોલીગ્રાફ ટેસ્ટ કરાવવો જોઈએ અને આ ટેસ્ટનું લાઈવ ટેલિકાસ્ટ થવું જોઈએ જેથી કરીને અરવિંદ કેજરીવાલ અને સત્યેન્દ્ર જૈનનું સત્ય દેશની સામે આવી શકે.

ઝારખંડનાં મુખ્યમંત્રી સોરેને વિધાનસભા ગૃહમાં ગંભીર આક્ષેપ કર્યો

# "વડાપ્રધાન મોદી લોકોને ફોન ઉપર ધમકાવે છે"

નવી દિલ્હી તા. ૧૨

ઝારખંડ વિધાનસભાનાં એક દિવસીય વિશેષ સત્રમાં મુખ્યમંત્રી અને ઝારખંડ મુક્તિ મોરચાના કાર્યકારી અધ્યક્ષ હેમંત સોરોને વડાપ્રધાન ઉપર ગંભીર આરોપ લગાવ્યા છે. મુખ્યમંત્રી સોરેને કહ્યુ કે ભારતીય જનતા પાર્ટીના સર્વોચ્ચ નેતા વડાપ્રધાન હવે લોકોને ફોન ઉપર ધમકાવવા લાગ્યા છે. શું સ્થિતિ થઈ ગઈ છે દેશની !!

મુખ્યમંત્રી હેમંત સોરેને સદનમાંરાજ્યનીમુખ્ય વિપક્ષી પાર્ટી ભારતીય જનતા પાર્ટી ઉપર પ્રહાર કર્યા હતા. હેમંત સોરેને કહ્યુ કે રેપિસ્ટને માળા પહેરાવીને જેલમાંથી છોડાવી દે છે. બીજા રાજ્યમાં જે રેપ કરનારા લોકો છે, ભારતીય જનતા પાર્ટીના લોકો તેનું સમર્થન કરે છે. અહી દુમકાની બાળકી સાથે દૂર્ઘટના થાય છે, તો લોકો વિમાનમાં અહી આવે છે. હેમંત સોરેને વધુમાં કહ્યુ કે હત્યારા, લૂંટારા અને મૉબ લિચિંગ કરનારાઓને આ લોકો માળા પહેરાવે છે. આ શું દેશમાં સામાજિક સમરસતા બનાવશે ?

## સમાચાર રાઉન્ડ અપ

- **જૂનાગઢ જીલ્લા ભાજપમાં ભંગાણ : કેશોદનાં પૂર્વ ધારાસભ્ય અરવિંદ લાડાણી રાજીનામુ આપ્યું : અપક્ષ ચૂંટણી લડવાની જાહેરાત**
- જામનગર ઉત્તરની બેઠક ઉપર પારિવારીક જંગ જામશેઃ રવિન્દ્ર જાડેજાના પત્ની અને ભાજપનાં ઉમેદવાર રિવાબા જાડેજા સામે નણંદ નયના બા જાડેજા કોંગ્રેસ તરફથી પ્રચાર મેદાનમાં ઉતરશે.
- સંસદનું શિયાળુ સત્ર મોડું શરૂ થવાની શક્યતા : તા.૭ ડિસેમ્બરથી ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે
- જીવનજરૂરી ચીજવસ્તુઓ સસ્તી થવા લાગી : તેલ, દાળ, ચોખાનાં ભાવ ઘટ્યા : રીટેલ ફુગાવો ઘટીને આવશે
- આવતીકાલે ઓસ્ટ્રેલીયાનાં મેલબોર્ન ખાતે ઈંગ્લેન્ડ - પાકિસ્તાન વચ્ચે ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલ : વરસાદની સંભાવના
- ચૂંટણી સમયે હિમાચલ - ગુજરાતમાંથી રૂા.૧૮ કરોડની રોકડ રકમ જપ્ત




# કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો : રૂા.૫૦૦માં રાંધણગેસ સિલિન્ડર, ૩૦૦ યુનિટ મફત વિજળી

અમદાવાદ તા. ૧૨ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષે આજે ચૂંટણી ઢંઢેરો જારી કરી દીધો છે. કોંગ્રેસનાં ચૂંટણી ઢંઢેરામાં મુખ્ય ૮ મુદાનો સમાવેશ થાય છે. જેમાં રૂા.૫૦૦માં રાંધણગેસ સિલિન્ડર, ૩૦૦ યુનિટ મફત વિજળી, જુની પેન્શન સ્કીમ લાગુ કરવી, સસ્તી દવા માટે જનતા મેડીકલ સ્ટોર, કોરોનામાં મૃત્યુ થવાનાં સંજોગોમાં પરીવારજનને નોકરીનું વચન, ખેડૂતોનું દેવું માફ વગેરે જાહેરાતો મુખ્ય છે. ગુજરાત કોંગ્રેસે તેના ઘોષણાપત્રમાં ૧૦ લાખ નોકરીઓ આપવાનું વચન આપ્યું છે, તેમજ ખેડૂત, આરોગ્ય, માછીમારો, પશુપાલન માટે વિવિધ જાહેરાતો કરવામાં આવી છે.

# જીએસટી કૌભાંડમાં એટીએસ સહિતની એજન્સીઓનાં ગુજરાત વ્યાપી દરોડા : ૬૫ની ધરપકડ

અમદાવાદ તા.૧૨ : ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં ટેક્સ વિભાગે એક્ટિવથઈ જઈને કરચોરો ઉપર ધોંસ બોલાવવાનું શરૂ કરીદીધું છે. ગઈકાલે ઈન્કમટેક્સ વિભાગે કચ્છ સહિતના જિલ્લાઓમાં દરોડા પાડ્યા બાદ આજે જીએસટી વિભાગે રાજકોટ સહિત ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં એટીએસને સાથે રાખી મોટાપાયે દરોડાનો દોર શરૂ કરતાં કરચોરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે

જીએસટી વિભાગને સાથે રાખીને એટીએસ-ક્રાઈમ બ્રાન્ચ સહિતની મહત્ત્વની એજન્સીઓની કાર્યવાહી અને એટીએસ-જીએસટી વિભાગ-ક્રાઈમ બ્રાન્ચ સહિતની મહત્ત્વની એજન્સીઓએ ૬૫થી વધુની અટકાયત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અંગે એટીએસ એસપી સુનિલ જોષીએ જણાવ્યું હતું કે સુરતમાં થોડા સમય પહેલાં જ મોટાપાયે જીએસટી બોગસ બિલિંગનું કૌભાંડ પકડાયું હતું જેની ઉંડાણપૂર્વક તપાસ કરતાં આ કૌભાંડના તાર રાજ્યના ૧૩ જેટલા જિલ્લાઓમાં ફેલાયેલા હોવાનું ખુલતાં આજે વહેલી સવારથી જ જીએસટી વિભાગ, એટીએસ, ક્રાઈમ બ્રાન્ચે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને દરોડા કાર્યવાહી શરૂ કરી છે. અત્યાર સુધીમાં ૬૫થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

જીએસટી-એટીએસના અત્યાર સુધીના ગુજરાતમાં સૌથી મોટા ઓપરેશન સમી કાર્યવાહી અત્યારે રાજકોટ ઉપરાંત કચ્છ, અમદાવાદ, જામનગર, સુરત, ભાવનગર, જૂનાગઢ સહિતના શહેરોમાં ચાલી રહી છે. વહેલી સવારથી જ અલગ-અલગ ટીમો અલગ-અલગ શહેરોમાં પહોંચી ગઈ હતીઅને કરચોરો ઉપર તવાઈ બોલાવવાનું શરૂ કર્યુ હતું. અત્યારે દરોડાનો દોર ચાલી રહ્યો હોવાથી કેટલી કરચોરી પકડાઈ તે સહિતની વિગતો મોડેથી જાહેર કરવામાં આવશે પરંતુ આ આંકડો મોટી સંખ્યામાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ચૂંટણીપંચે એક્ઝીટ પોલનાં પ્રસારણ ઉપર રોક લગાવી

નવી દિલ્હી તા. ૧૨ ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભા ચૂંટણી અને હિમાચલ પ્રદેશને લઈને મીડિયા ગાઈડલાઈન જાહેર કરી છે. ચૂંટણી પંચે ૧૨ નવેમ્બરઅને ૫ ડિસેમ્બરેએક્ઝિટ પોલના પ્રસારણ ઉપર રોક લગાવી દીધી છેઅને આ આદેશનું ઉલ્લંઘન કરવું ગુનો બનશે.

ચૂંટણી પંચે નોટિફિકેશન જાહેર કરતાકહ્યુ, ૧૨-૧૧-૨૦૨૨સવારે ૮ વાગ્યે અને ૫-૧૨-૨૦૨૨માં સાંજે ૫.૩૦વાગ્યા વચ્ચેના સમય દરમ્યાન હિમાચલ પ્રદેશ ચૂંટણી અને ગુજરાત વિધાનસભાચૂંટણીમાં એક્ઝિટ પોલના પરિણામનું પ્રકાશન અથવા પ્રચાર કરવો પ્રતિબંધિત હશે. આ દરમ્યાન પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા એક્ઝિટ પોલ દ્વારા ચૂંટણી સંભવિત પરિણામ બતાવી નહી શકે. ચૂંટણી પંચે કહ્યુ, તેનું ઉલ્લંઘન કરનારા વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

આજે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટેમતદાન યોજાઈ રહયું છે. હિમાચલ પ્રદેશમાં ચૂંટણી એક તબક્કામાં યોજાશે જ્યારે ૮ ડિસેમ્બરે તેના પરિણામ જાહેર થશે. હિમાચલ પ્રદેશમાં કુલ ૭૮૮૧ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા છે. હિમાચલમાં કુલ ૬૮ વિધાનસભા બેઠક છે જેની ઉપર આજે મતદાન થઈ રહયું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાંતા. ૧ ડિસેમ્બરે પ્રથમ તબક્કા માટે મતદાન યોજાશેજ્યારે તા. ૫ ડિસેમ્બરે બીજા તબક્કાનું મતદાન યોજાશે. ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામ હિમાચલ પ્રદેશની સાથે જ ૮ ડિસેમ્બરે આવશે.

# ચૂંટણી પ્રચાર માટે ભાજપે રેપ સોંગ બનાવ્યું 'ગુજરાતમાં શું છે ? ગુજરાતમાં મોદી છે'

નવી દિલ્હી, તા.૧૨: વિધાનસભાની ચૂંટણીમાંમતદારોને રીઝવવા માટે પક્ષો-ઉમેદવારો દ્વારા સતત નવા ગતકડાં કરવામાં આવી રહ્યા છે. ભાજપના સાંસદ-અભિનેતા રવિ કિશને ગુજરાત ચૂંટણીમાં ભાજપના પ્રચાર માટે ગુજરાતી-ભોજપુરી મિશ્રિત રેપ સોંગ તૈયાર કર્યુ છે અને જેને ટૂંક સમયમાં રિલીઝ કરવામાં આવશે.

આ રેપ સોંગના માધ્યમથી વિપક્ષના નેતાઓના એ સવાલોના ઉત્તર આપવામાં આવ્યા છે, જેઓ 'ગુજરાતમાં શું છે' તેમ કહીને ભાજપને ઘેરતા રહ્યા છે. 'ગુજરાત મેં કા બા (ગુજરાતમાં શું છે)...ગુજરાતમાંમોદી છે... તે આ રેપ સોંગના શબ્દો છે. આ ગીતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રમાણિક્તા, ભ્રષ્ટાચાર-પરિવારવાદ સામે તેમની નીતિ, ગુજરાતનો વિકાસ, ગાંધી-સરદારની ધરોહર, સોમનાથ-દ્વારકાનો પણ ઉલ્લેખ છે.

આ ગીતને આગામી ટૂંક સમયમાં યુટયુબ ઉપરલોન્ચ કરાશે. આ ઉપરાંત ચૂંટણી સભાઓ દરમ્યાન પણ તેનો ઉપયોગ કરવામાં આવશે.

પવિત્ર અગીયારી મહિના નિમિતે
નાન ખટાઈ/બિસ્કીટ વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

જોઈએ છે
ક્લાર્ક - ૨ : (ક્લેરીકલ વર્ક કરી શકે)
કોમ્પ્યુટર આવડવું ફરજીયાત
કોમ્પ્યુટર ઓપરેટર - ૨ (ગુજરાતી - અંગ્રેજી ટાઈપીંગ) (ફોટોશોપ, કોરલ ડ્રોનાં જાણકાર)
ઓફિસ બોય -૨ (પરચુરણ કામ કરી શકે)
: સંપર્ક :
મો. ૯૮૯૮૦ ૬૩૦૬૪

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG
રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
યશ ઓટો ગેસ
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી,
LPG પંપની પાછળ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ના હેડ એન્ડ નેક કેન્સર સર્જન આપના શહેરમાં



• મોઢા તથા જડબાના કેન્સર / સાદી ગાંઠો
• લાંબા સમયથી જીભમાં ન રૂઝાતું ચાંદુ / જીભનું કેન્સર
• ગળોફામાં કેન્સર
• લાળગ્રંથિની સાદી ગાંઠો / કેન્સર ની ગાંઠો
• તાળવા તથા ગાલના ભાગમાં થતા કેન્સર
ડો. મેજર રામકૃષ્ણ
ડીપાર્ટમેન્ટ ઓફ હેડ અને નેક ઓન્કોલોજી
દર મહિના ના ત્રીજા મંગળવારે
તપાસ ફી: ₹600/-
અપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૯૭ ૬૩૯૫૯
WOCKHARDT HOSPITALS | LIFE WINS

### સુરત હવે અંગદાનના શહેર તરીકે જાણીતું થઈ રહ્યું છે

# સુરતથી ધબકતું હૃદય ૯૦ મિનીટમાં ૨૭૩ કિમીનું અંતર કાપી અમદાવાદમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયુ

## સુરતના ૧૯ વર્ષીય યુવક બ્રેઈનડેડ જાહેર થયા બાદ તેના હૃદય, કિડની અને લિવરનું દાન કરીને ચાર વ્યક્તિઓને નવું જીવન આપીને માનવતા મહેકાવવામાં આવી

સુરત,તા.૧૨

સુરત નજીક આવેલા કઠોરના નવું ફળિયું ખાતે રહેતો અર્જુન, સાયન રોડ, શેખપુરમા આવેલ ટેક્ષટાઈલ યુનિટમાં કામ કરતો હતો. મંગળવાર તા. ૮ નવેમ્બરના રોજ અર્જુન તેના મિત્ર સાથે બાઈક ઉપર કઠોર પોતાના ઘરે આવી રહ્યો હતો. ત્યારે રાત્રે ૯.૩૦ કલાકે કઠોર ગામ કન્યા છાત્રાલયની સામે અજાણ્યા વાહન ચાલક સાથે અકસ્માત થતા તે નીચે પડી ગયો હતો અને માથામાં ગંભીર ઈજા થવાથી તે બેભાન થઈ ગયો હતો. પરિવારજનોએ તેને તાત્કાલિક સુરતની કિરણ હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડો.ભૌમિક ઠાકોરની સારવાર હેઠળ દાખલ કર્યો. નિદાન માટે સીટી સ્કેન કરાવતા મગજમાં ગંભીર ઈજાઓ હોવાને કારણે મગજની નસ ફાટી ગઈ હોવાનું નિદાન થયું હતું.

ડો. મેહુલ પંચાલ સાથે રહી અર્જુનના માતા પુષ્પાબેન, ભાઈ કરણ, કાકા મનોજભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને અંગદાનની સમગ્ર પ્રક્રિયા અને તેનું મહત્વ સમજાવ્યુ.અર્જુનના માતા પુષ્પાબેન અને તેના ભાઈ કરણે જણાવ્યું કે, અર્જુન બ્રેઈનડેડ છે. તેનું મૃત્યુ નિશ્ચિત જ છે. શરીર બળીને રાખ જ થઈ જવાનું છે. ત્યારે તેના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવુંજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. અર્જુનના પિતાનું એપ્રિલ ૨૦૨૧મા કરંટ લાગવાને કારણે દુઃખદ અવસાન થયું હતું. તેના પરિવારમાં માતા પુષ્પાબેન જેઓ પી.પી.સવાણી સ્કૂલમાં સફાઈનું કામ કરે છે. ભાઈ કરણ ઉ.વ. ૨૨ સાયન રોડ, શેખપુરમા આવેલ ટેક્ષટાઈલ યુનિટમાં સુપરવાઈઝર તરીકે કામ કરે છે. અને બીજો ભાઈ સુનિલ ઉ.વ. ૧૫ કઠોરમાં આવેલ વંદે ગલીયારી હાઈસ્કુલમા ધોરણ ૧૦મા અભ્યાસ કરે છે.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા SOTTOનો સંપર્ક કરવામાં આવ્યો. SOTTO દ્વારા હૃદય અમદાવાદની સિમ્સ હોસ્પીટલને, કિડની અને લિવર સુરતની કિરણ હોસ્પીટલને ફાળવવામાં આવ્યા. અમદાવાદની સિમ્સ હોસ્પીટલના ડૉ. કિશોર ગુપ્તા, ડૉ. વિપુલ આહીર, ડો. ચિંતન શેઠ, ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડીનેટર સુનીલ અગ્રવાલ, આકાશ અને તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું, લિવર અને કિડનીનું દાન કિરણ હોસ્પીટલના ડો. ધર્મેશ ધાનાણી, ડો.રવિ મોહક્રા, ડો. પ્રશાંથ રાવ, ડો. મિતુલ શાહ, ડો.કલ્પેશ ગોહિલ, ડૉ.જીગ્નેશ ઘેવરીયા, ડો.પ્રમોદ પટેલ, ડો.મુકેશ આહીર, ડો.મિથુન કે.એન., ડો.વિમલ કરગથા, ડો.આનંદ પસ્તાગીયા અને તેમની ટીમે સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલ હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ સુરેન્દ્રનગરના રહેવાસી ૨૨ વર્ષીય મુસ્લિમ યુવકમાં અમદાવાદની સિમ્સ હોસ્પીટલમા ડો. ધીરેન શાહ, ડો.ધવલ નાયક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.દાનમાં મેળવવામાં આવેલી એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી ૪૦ વર્ષીય વ્યક્તિમાં, બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી ૪૬ વર્ષીય વ્યક્તિમાં, લિવરનું ટ્રાન્સપ્લાન્ટ રાજકોટના રહેવાસી ૬૪ વર્ષીય વ્યક્તિમાં સુરતની કિરણ હોસ્પીટલમાં કરવામાં આવ્યું છે.

હૃદયને ચાર્ટર્ડ વિમાન મારફત અમદાવાદ પહોંચાડવા માટે સુરતની કિરણ હોસ્પિટલથી એરપોર્ટ સુધીના માર્ગને સુરત શહેર પોલીસના સહકારથી ગ્રીન કોરીડોર બનાવવામાં આવ્યો હતો. સુરતથી બેતાળીસમાં હૃદયનું દાન કરાવવામાં આવ્યુ છે. સુરતે ડોનેટ લાઈફના માધ્યમથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અંગદાનના ક્ષેત્રમાં મહત્વનું સ્થાન મેળવ્યું છે. સુરતથી દાનમાં મેળવવામાં આવેલા હૃદય દેશના જુદા જુદા શહેરો જેવા કે દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, ઈન્દોર અને અમદાવાદ જેવા શહેરોમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. તદઉપરાંત અંગદાનના ક્ષેત્રમાં સુરતે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની અલગ ઓળખ ઉભી કરી છે. સુરતથી દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ યુક્રેન, યુએઈ અને રશિયાના નાગરિકોમાં મુંબઈ અને ચેન્નઈની હોસ્પીટલમાં કરવામાં આવ્યા હતા. ટેક્ષટાઈલ અને ડાયમંડ સીટી તરીકે ઓળખાતું સુરત શહેર હવે દેશમાં ઓર્ગન ડોનર શહેર તરીકે ખ્યાતી પામી રહ્યું છે.

અંગદાન કરાવવાની સમગ્ર પ્રક્રિયા ડોનેટ લાઈફ માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી, જેમાં અર્જુનના માતા પુષ્પાબેન, ભાઈ કરણ, અરુણ, સંજય, કાકા મનોજભાઈ, બેન મનીષાબેન, બનેવી પરેશભાઈ, પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો.ભૌમિક ઠાકોર, ડો.ધીરેન હાડા, ન્યુરોફીજીશિયન ડૉ.હીના ફળદુ, ઈન્ટેન્ટસીવીસ્ટ ડો. અપેક્ષા પારેખ અને ડો. દર્શન ત્રિવેદી, મેડિકલ ડાયરેક્ટર ડો. મેહુલ પંચાલ, ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડીનેટર ડો.અલ્પા પટેલ, આસીસ્ટન્ટ ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડીનેટર સંજય ટાંચક, કિરણ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના મંત્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, ટ્રસ્ટી અને CEO નિરવ માંડલેવાલા, જીગ્નેશ ઘીવાલા, કરણ પટેલ, સ્મીત પટેલ, અંકિત પટેલ, મહેન્દ્ર સિંહગોહિલ, રમેશભાઈ વઘાસીયા, જગદીશભાઈ ડુંગરાણી, કૃતિક પટેલ, કિરણ પટેલ, દિવ્યાંગ પટેલ, પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણી, મુરલીધર મોરે, નિહિર પ્રજાપતિ, રોહન સોલંકી અને ચિરાગ સોલંકીનો સહકાર મળ્યો હતો.

# જૂનાગઢ પરિક્રમામાં પોરબંદરનાં યુવાને નશો કરતાં તબીયત બગડી : રાજકોટ સારવાર હેઠળ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૧૨

જૂનાગઢમાં ગરવા ગિરનાર ખાતે લોકો પરિક્રમા કરી પૂણ્યનું ભાથુ બાંધવા દર વર્ષે આવતાં હોય છે. લાખોની સંખ્યામાં ઉમટી પડતી માનવ મેદની જંગલમાં કુદરતના ખોળે અનેરો આનંદ માણે છે. જો કે અમુક લોકો અહિ પણ નશો કરતાં હોય છે. પોરબંદરનો એક યુવાન મિત્રો સાથે પરિક્રમામાં આવ્યો હતો. અહિ તેણે કોઈપણ રીતે નશીલુ પ્રવાહી મેળવીને પી લીધું હતું. તું પરંતુ બાદમાં તેની હાલત બગડી જતાં પોરબદર સારવાર લઈ રાજકોટ સિવિલ હોસ્પીટલમાં દાખલ થયો છે. હોસ્પીટલ પોલીસ ચોકીમાં થયેલી નોંધ મુજબ પોરબંદર નગીનદાસ મોદી પ્લોટ-૫માં રહેતાં સંદિપ રવજીભાઈ હરખાણી (ઉ.વ.૨૮) નામનો યુવાન તા. ૭/૧૧ના રોજ જૂનાગઢ પરિક્રમામાં આવ્યો હોઈ ત્યાં નશીલા પદાર્થ-ચીલમનું સેવન કરતાં તબિયત બગડતાં પોરબંદર ખાનગી હોસ્પીટલમાં સારવાર લીધા બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં દાખલ થયો છે. જો કે સારવારમાં રહેલા હે સંદિપે બીજુ જ રટણ કર્યુ હતું. પ્રારંભે તો એવું કહ્યું હતું કે પરિક્રમામાંથી આવ્યા બાદ ક્રિકેટ રમતી વખતે દિવાલ માથે પડતાં પોતાની હાલત બગડી છે. પરંતુ ચલમ પીધાની પોલીસ ચોપડે નોંધ હોઈ વધુ પુછતાછમાં તેણે જૂનાગઢ બોરદેવીમાં પહોંચ્યા ત્યારે દેશી દારૂની કોથળી લઈને પીધાનું રટણ કર્યુ હતું. ખરેખર શું બન્યું હતું ? તેની તપાસ પોલીસ કરી રહી છે.

# માણાવદરની ક્રિષ્ના હોસ્પિટલમાં આવતા તમામ દર્દીઓને વિનામૂલ્યે તપાસ કરી આપતા ડો. હિરેન એ. અખેડ





(પ્રતિનિધિ દ્વારા)

## જૂનાગઢની આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ એમડીનો લાભ લેતા માણાવદર તાલુકાના ગ્રામજનો

જૂનાગઢ તા.૧૨

ડો. હિરેન અખેડની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, માણાવદર ખાતે જૂનાગઢ હાઈવે રોડ ઉપર આવેલ પેટ્રોલ પંપની સામે, સિનેમા હોલની બાજુમાં આવેલ ક્રિષ્ના હોસ્પિટલની પ્રશંસનીય કામગીરી લોકમુખે ચર્ચાય રહી છે. ૨૦૧૩માં આ હોસ્પિટલ કાર્યરત થયેલ ત્યારથી માંડીને આજદિન ૨૦૨૨ સુધીમાં તાવ, મલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, શરદી, ઉધરસ, ઝાડા, ઉલટી સહિતની બીમારીઓના અસંખ્ય દર્દીઓની "વિનામૂલ્યે તપાસ" કરીને સારવાર કરી આપેલ છે. તેમની આ કામગીરીનો લાભ માણાવદર તથા આજુ-બાજુના ગામડાઓના દર્દીઓ બહોળી સંખ્યામાં લ્યે છે. વિશેષમાં ડો. અખેડે જણાવેલ કે, એમની આ ક્રિષ્ના હોસ્પિટલમાં જૂનાગઢના નામાંકિત ડોક્ટરોઓ જેવા કે, ડૉ. ચિંતન યાદવ (એમ.ડી. ફિઝિશિયન પલ્મોનરીલોજીસ્ટ,), ડો. કેસુર વરૂ (એમ.એસ. જનરલ સર્જન), ડો. પ્રતીક ગોહેલ (ઓર્થોપેડિક સર્જન) સહિત જૂનાગઢના તજજ્ઞ ડોકટરોનો પણ આ હોસ્પિટલમાં કન્સલટંન્ટ તરીકે આવે છે. જેમનો લાભ પણ માણાવદર તથા આજુ-બાજુના ગામડાઓના દર્દીઓને મળે છે તેમ યાદીના અંતે જણાવેલ હતું. દરમ્યાન જૂનાગઢ સીવીલ હોસ્પિટલમાં ફરજ બજાવતા સંજયભાઈ બુહેચાએ તેઓની સેવા બીરદાવી સન્માનીત કર્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨-૧૫ દિવસમાં ૪૦ રેલીઓ ગજવશે

## કોંગ્રેસનો ગાંધી પરિવાર હજુ પણ આ મુદ્દે મૌન છે, જેમાં રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાં વ્યસ્ત છે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ લોકોશાહીના તહેવારનો ઉત્સાહ બમણો થઈ ગયો છે. રાજકીય પાર્ટીઓ અને જે નેતાઓને જવાબદારી મળી ગઈ છે તેઓ પોતાના મત વિસ્તારમાં ફરતા થઈ ગયા છે. પ્રચારના ધમધમાટ વચ્ચે ભાજપના સુપરસ્ટાર પ્રચારક અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રાજ્યમાં માત્ર ૧૫ દિવસમાં જ ૪૦ જેટલી રેલીઓ ગજવવાના છે. બીજી તરફ કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી ગુજરાતની ચૂંટણી મુદ્દે મૌન છે. રાહુલ ગાંધી હાલ ભારત જોડો યાત્રામાં વ્યસ્ત છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા સતત પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને રેલીનું ટાઈમ-ટેબલ નક્કી કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. બીજી તરફ ભાજપ દ્વારા ક્યારે ક્યાં કેટલી રેલી કરવાની છે તે તમામ તૈયાર કરી દીધી છે. ગુજરાતની વિધાનસભા ચૂંટણીમાં ફરી એકવાર સત્તામાં આવવા માટે ભાજપ દ્વારા વિવિધ તૈયારીઓ કરી નાખી છે, ૧૬૦ ઉમેદવારોને ટિકિટ આપી દેવામાં આવી છે અને તેમના વિસ્તારમાં પ્રચાર માટેના વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. આજ રીતે આમ આદમી પાર્ટી દ્વારા પણ નાના પાયે સતત રેલીઓ અને લોકસંપર્કના કાર્યક્રમો આયોજવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ૧૫ નવેમ્બરથી સભાઓ ગજવવાની શરુઆત કરશે અને માત્ર ૧૫ દિવસમાં તેઓ ૪૦ જેટલી રેલીઓ આખા રાજ્યમાં કરશે. સત્તા પક્ષના સૂત્રો તરફથી મળતી વિગતો પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યમાં ૧૨થી ૧૫ દિવસ સુધી રેલીઓ કરશે. આ સિવાય અન્ય સ્ટાર પ્રચારકો પણ રાજ્યમાં ચૂંટણી સભાઓ ગજવશે, જેમાં પક્ષના કેન્દ્રીય નેતૃત્વ, ટીવી અને ફિલ્મ સાથે સંકળાયેલા જાણીતા ચહેરા અને રમત-ગમત સાથે સંકળાયેલા લોકો પણ જોડાશે. હવે જે ૨૨ ઉમેદવારોના નામની જાહેરાત કરવાની બાકી છે તે શનિવાર કે રવિવારે કરવામાં આવશે તેવું પાર્ટીના સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. કારણ કે પહેલા તબક્કાની ચૂંટણીનું ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૧૪ નવેમ્બર છે. સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે કે જે બેઠકો પર ભાજપની પક્કડ નબળી છે ત્યાં ઉમેદવારોને આકર્ષિત કરવા માટે મજબૂત કેમ્પેઈન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોની યાદી તૈયારી કરીને પાર્ટીના નેતાઓને મોકલી દેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય કેન્દ્રીય નેતાઓ આ બેઠકો પર પ્રચાર કરવા માટે મેદાનમાં ઉતરવાના છે. ભાજપ અને આપ ગુજરાતના પ્રચારમાં કોઈ કસર છોડવા માગતા નથી, પરંતુ ગાંધી પરિવાર દ્વારા ચૂંટણી અંગે હજુ સુધી કંઈ કહેવામાં આવ્યું નથી. આ જોઈને ગુજરાત કોંગ્રેસના નેતાઓ પણ ઊંચા નીચા થઈ રહ્યા છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીને સતત પ્રચાર માટેનું ટાઈમ-ટેબલ નક્કી કરવા માટે કહેવામાં આવ્યું છે.

# વિજ્ઞાનીઓએ બનાવ્યો દુનિયાની પ્રથમ પ્રેગ્નન્ટ મમીનો ચહેરો

## ૧૮૨૬ માં મમીની શોધ કરવામાં આવી હતી અને તેને ઈજિપ્તથી પોલેન્ડના વોર્સો લઈ જવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૧૨


ફોરેન્સિક વૈજ્ઞાનિકોએ 2D અને 3D તકનીકોનો ઉપયોગ કરીને વિશ્વની પ્રથમ ગર્ભવતી મમીનો ચહેરો ફરીથી બનાવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મહિલાનું મૃત્યુ બે હજાર વર્ષ પહેલા થયું હતું. ધ મિસ્ટ્રી લેડી તરીકે ઓળખાતી મમીનું ૨૮ અઠવાડિયાના ગર્ભાવસ્થામાં મૃત્યુ થયું હોવાનું માનવામાં આવે છે. આ મહિલાની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની વચ્ચે હતી. એટલું જ નહીં, માતાના પેટમાં છેલ્લા ૨૦૦૦ વર્ષથી ભ્રૂણ સુરક્ષિત હતો. પરંતુ હવે, નિષ્ણાતોએ તેણીની ખોપરી અને શરીરના અન્ય ભાગોનો ઉપયોગ તે જોવા માટે કર્યો છે કે તે તે દિવસોમાં તે કેવી દેખાતી હતી. ઈટાલિયન ફોરેન્સિક માનવશાસ્ત્રી અને વોર્સો મમી પ્રોજેક્ટના સભ્ય ચેન્ટલ મિલાનીએ જણાવ્યું હતું કે, આપણા હાડકાં અને ખોપરી, ખાસ કરીને, વ્યક્તિના ચહેરા વિશે ઘણી માહિતી આપે છે. તેમણે ઉમેર્યુ, 'જ્યારે આને ચોક્કસ પોર્ટ્રેટ ગણી શકાય નહીં, ઘણા શરીરરચના ભાગોની જેમ ખોપરી પણ અનન્ય છે અને તે આકાર અને પ્રમાણનો સમૂહ દર્શાવે છે જે અંતિમ ચહેરામાં દેખાશે. ૧૮૨૬ માં મમીની શોધ કરવામાં આવી હતી અને તેને ઈજિપ્તથી પોલેન્ડના વોર્સો લઈ જવામાં આવી હતી. રહસ્યમય મહિલાના શરીરને કપડામાં લપેટીને તાવીજના સમૃદ્ધ સમૂહમાં છોડી દેવાનું હતું જેથી તે તેણીને મૃત્યુ પછીના જીવનમાં જોઈ શકે. ચહેરાને આવરી લેતી હાડકાની રચના વિવિધ શરીરરચના નિયમોનું પાલન કરે છે, મિલાની કહે છે, આમ તેને પુનઃનિર્માણ કરવા માટે પ્રમાણભૂત પ્રક્રિયાઓ લાગુ કરી શકાય છે, ઉદાહરણ તરીકે, નાકનો આકાર સ્થાપિત કરવા. સૌથી મહત્વપૂર્ણ તત્વ એ ચહેરાના હાડકાની સપાટી પરના કેટલાક બિંદુઓ પર નરમ પેશીઓની જાડાઈનું પુનર્નિર્માણ છે. આ માટે, અમારી પાસે વિશ્વભરની વિવિધ વસ્તી માટે આંકડાકીય માહિતી છે. ફોરેન્સિક આર્ટિસ્ટ હ્યુગ મોરિસન મમીનો ચહેરો બનાવવાના નિષ્ણાતોમાંના એક છે. તેમણે જણાવ્યું હતું કે "ચહેરાના પુનઃનિર્માણનો ઉપયોગ મુખ્યત્વે શરીરની ઓળખ નક્કી કરવામાં મદદ કરવા માટે ફોરેન્સિક્સમાં થાય છે જ્યારે ઓળખના વધુ સામાન્ય માધ્યમો જેમ કે ફિંગરપ્રિન્ટ ઓળખ અથવા ડીએનએ વિશ્લેષણ ખાલી જગ્યાઓ દોરે છે.


૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦
મલાઈ (ક્રિમ) રૂા. ૩૦૦
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૯૦
ગાયનું ઘી રૂા. ૬૦૦
મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
દિપાવલીનાં તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર અગીયારી મહિના નિમિતે નાન ખટાઈ/ બિસ્કીટ વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

## જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર

# વિક્રમી મતદાન માટે બૂથ લેવલ અવરનેશ ગૃપના વડાઓ સાથે બેઠક યોજતા જીલ્લા ચૂંટણી અધિકારી રચિત રાજ

## દરેક મતદાતા મતાધિકારો ઉપયોગી કરે તે માટે વ્યાપક જન જનગૃતિ ઉભી કરાશે






જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠક ઉપર વિક્રમી મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર રચિત રાજે બૂથ લેવલ અવરનેશ ગૃપના વડાઓ સાથે બેઠક યોજી, દરેક મતદાતા મતાધિકાર ઉપયોગ કરે તે માટે વ્યાપક જનજાગૃતિ ઉભી કરવા માટે માર્ગદર્શન આપ્યુ હતું.

કલેકટર કચેરીના મૃખ્ય સભાખંડ ખાતે મળેલી આ બેટકમાં જિલ્લા ચૂંટણી અધિકારી રચિત રાજની અધ્યક્ષતામાં નર્ધારિત મતદાનનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેમાં સંબંધિત અધિકારીઓને મહત્તમ મતદાન માટે એક સકારાત્મક વાતાવરણ નિર્માણ કરવા અને મતદાન વધારવા ઉપર ભાર મૂકવામાં આવ્યો સાથે જ આ માટે જમીની સ્થિતિ ધ્યાનમાં રાખીને એક ચોક્કસ વ્યૂહરચના સાથે કામગીરી કરવા માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યાં હતા.

આ સાથે મતદાતાઓ પ્રચાર માટે આયોજિત રોકડ ભેટ, દારૂ જેવા અન્ય કોઈપણ પ્રલોભનોથી દૂર રહેવા માટે એક નૈતિક મતદાનનો સંદેશો ફેલાવવામાં આવશે, ઉપરાંત ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ગેરરિતિઓ માટે દંડ વગેરે બાબતોની જાગૃતિ ફેલાવવામાં આવશે.

મતદારોને ડોર-ટુ ડોર સંપર્ક માટે ગ્રાસ રૂટ ઉપરના તલાટી મંત્રી, આંગણવાડી વર્કર, આશાબહેનો, સખી મંડળના બહેનો ઉપરાંત આરોગ્યના અન્ય કર્મચારીઓની મદદ લેવામાં આવશે. આ કર્મચારીઓના માધ્યમથી મતદાતાઓ સાથે વાર્તાલાપ કરીને લોકોને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા અને તેમની સહભાગીતા વધારવા માટે કામગીરી કરવામાં આવશે. ઉપરાંત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઉભા કરવામાં આવનાર વિશિષ્ટ મતદાન મથકો જેવા કે, હેલ્થ એનીમલ હેલ્થ, સખી, યુવા, વિશે જાણકારી આપવામાં આવશે.

આ કામગીરી માટે જૂદા-જૂદા સ્તરેથી ચૂંટણી અધિકરી, સહાયક ચૂંટણી અધિકારી, સીડીપીડી તાલુકા ઓફિસર, મેડિકલ ઓફિસર સહિતના અધિકારી દ્વારા મોનિટરીંગ કરવાની સાથે નિયમિત રીતે આ કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. મતદાન માટે ગણતરીના દિવસો બાકી હોવાથી વ્યાપક સમજ સાથે વ્યુહાત્મક રીતે કામ કરવું પડશે. ત્યારે ખાસ કરીને મતદારો અને ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા હોદેદારો વચ્ચે એક સકારાત્મક માહોલ ઉભો કરવો એક મહત્વ પૂર્ણ આધાર છે. જેથી બૂથ લેવલ અવરનેશ ગૃપ દ્વારા તે દિશામા આયોજન અને કામગીરી કરવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી રચિત રાજે જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી રાજેશ ચૌહાણ, ડીઆરડીએના નિયામક પી.જી.પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**મતદાનના દિવસ માટે એક્શન પ્લાન**

મતદાનના દિવસે મતદાનની ટકાવારી ઉપર દેખરેખ રાખવા માટે જિલ્લા કક્ષાએ અને પાંચેય વિધાનસભા બેઠક વાર કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવશે. જેના માધ્યમથી દર બે કલાકના આંકડાઓ રિયલ ટાઈમ મોનિટરીંગ કરવામાં આવશે. ઓછું મતદાન ધરાવતા મથકના બૂથ લેવલ અવરનેશ ગૃપના કર્મચારીઓને મતદાતાઓને મતદાન મથક સુધી લાવવાં માટે અને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ માટે સંબંધિત કન્ટ્રોલ રૂમમાં બૂથ લેવલ અવરનેશ ગૃપના વડાઓ હાજર રહેશે. આ સાથે ચૂંટણી અધિકારી પણ મતદાનની ટકાવારી ઉપર ધ્યાન આપી જરૂરી પગલાં લેવા માટે નિર્દેશ આપશે.

# વિસાવદર બેઠકના ભાજપના ઉમેદવાર અને ખેડૂત નેતા હર્ષદ રીબડીયા ટ્રેક્ટરમાં બેસીને હળ સાથે લઈને ઉમેદવારી ફોર્મ રજૂ કરવા પહોંચ્યા

## કાર્યકરો, સમર્થકો અને ખેડૂતો પણ મોટી સંખ્યામાં જોડાયા




(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ, તા.૧૨

વિસાવદર વિધાનસભા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર અને ખેડૂતોના પ્રશ્ને હંમેશને માટે લડત આપતા ખેડૂત નેતા હર્ષદ રીબડીયાએ ગઈકાલે ઉમેદવારી પત્રક રજૂ કર્યું હતું. આ તકે મોટી સંખ્યામાં કાર્યકરો અને ખેડૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા. હર્ષદભાઈ રીબડીયા પોતાના કાર્યકરો, ટેકેદારો અને ખેડૂતો સાથે રેલી સ્વરૂપે વિસાવદર પ્રાંત કચેરીએ પહોંચીને ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ રજૂ કર્યું હતું. હર્ષદભાઈ રીબડીયા પોતે જાતે ટ્રેક્ટર ચલાવી સાથે હળ લઈ ખેડૂતનો પહેરવેશ ધારણ કરીને ફોર્મ રજૂ કરવા પહોંચ્યા હતા. તેઓની સાથે જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, ભાજપ અગ્રણી નટુભાઈ પોકીયા સહિત આ બેઠકના કાર્યકરો અને ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયા હતા. પોતે ખેડૂતોના પ્રશ્ને સતત રજૂઆત કરતા રહે છે અને ખેડૂતોના અનેક પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં પણ તેઓ સફળ રહ્યા છે. આમ, તેમની ઈમેજ કિસાન નેતા તરીકેની ઊભી થયેલ છે. આ તકે તેઓએ જણાવ્યું હતું કે આ વિસ્તારના પડતર પ્રશ્નો અને વિસ્તારના વિકાસને ધ્યાને લઈને ભાજપમાં જોડાયો છું અને ભાજપ તરફથી ઉમેદવારી ફોર્મ રજૂ કરી રહ્યો છું. જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ બેઠક ઉપરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હર્ષદભાઈ રીબડીયાને આપણે જંગી બહુમતી સાથે જીતાડવાના છે જે માટે કામે લાગી જવા માટે હાકલ કરી હતી. અત્રે નોંધનીય છે કે હર્ષદભાઈ રીબડીયા આ બેઠક ઉપરથી આઠ વર્ષથી ધારાસભ્ય તરીકે કાર્યરત છે. આ દરમ્યાન તેઓએ ખેડૂત લક્ષી અનેક પ્રશ્નો અને આ વિસ્તાના રોડ-રસ્તા સહિત લોકોની અંગત સમસ્યાઓ પ્રશ્ને સતત સક્રિય રહીને તેનું સફળ પરિણામ લાવવામાં તેમની ભૂમિકા આગ્રેસર રહી છે. તેઓ ગ્રાઉન્ડ લેવલ ઉપર કામ કરતા હોવાથી લોકપ્રિય નેતા તરીકેની છબી ઊભી કરવામાં સફળ રહ્યા છે સીધો મતદારો અને લોકો સાથે ખૂબ સારો એવો ઘરોબો ધરાવે છે.

# વિધાનસભાની ચૂંટણીને લઇને સોશીયલ મીડિયા ઉપર જૂનાગઢ જીલ્લા પોલીસની બાજનજર : અધિકારીની નિમણુંક

## સોશીયલ મીડિયા ઉપર ભડકાવ અને શાંતિભંગ કરતી પોસ્ટ મુકી જાહેર શાંતિને ડહોળવાનો પ્રયાસ કરનાર સામે ફરિયાદ નોંધાશે

જૂનાગઢ, તા.૧૨

વિધાનસભાની ચૂંટણી દરમ્યાન સોશીયલ મીડિયા ઉપર જૂનાગઢ પોલીસ બાજનજર રાખી રહી છે. આ માટે બે નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે અને સોશીયલ મીડિયા ઉપર ભડકાવ અને શાંતિભંગ કરતી પોસ્ટ મુકી જાહેર શાંતિને ડહોળવાનો પ્રયાસ કરનાર સામે ફરિયાદ નોંધી પગલા લેવાશે.

આગામી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન કોઈપણ સોશીયલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વીટર વગેરે પર તેમજ મોબાઈલ ઉપર BULK SMSથી ખોટા ન્યૂઝ ફેલાવી જાહેર સુલેહ શાંતિ ડહોળવા અને કોમ-કોમ વચ્ચે વૈમનસ્ય પેદા કરવા માટે સોશીયલ મીડિયા ઉપર ભડકાવ અને શાંતિ ભંગ કરતી પોસ્ટ મુકી જાહેર શાંતિને ડહોળવાનો પ્રયાસ કરે તે ગુન્હો છે. જો આવુ ધ્યાનમાં આવે તો જૂનાગઢ જિલ્લા પોલીસના નોડલ અધિકારી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ.ગોહિલ મોબાઈલ નંબર ૯૧૦૬૭૫૪૬૫૭ ઈ-મેઈલ આઈડી pi-cybercell-jun@ gujarat.gov.in તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.જે.કોડીયાતર મોબાઈલ નંબર ૯૬૮૭૭૧૧૩૧૩ ઈ-મેઈલ આઈડી pi-cybercell-jun @ gujarat. gov.in ઉપર સંપર્ક કરી પોતાની ફરિયાદ નોંધાવી શકાશે.

# જૂનાગઢમાં આત્મીય સ્નેહ મિલન અને ભામાશા સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ, તા.૧૨

પરમપિતા પરમાત્માની અસીમ કૃપાથી તથા દાનવીરના વિશ્વાસ, શ્રધ્ધા અને પ્રેમથી ગરીબ, અસહાય, અપંગ ભાઈ-બહેનો માટે નર સેવા નારાયણ સેવાની ભાવના સાથે ઘણા વર્ષોથી નારાયણ સેવા સંસ્થાનમાં સેવા આપી રહ્યા છે. દાતાઓના સહયોગથી સંસ્થાના ૩૭ વર્ષોથી જન્મજાત વિકલાંગોના ઓપરેશન કરીને સંસ્થાએ લગભગ ૪,૭૫,૦૦૦ વિકલાંગોના સફળ ઓપરેશન કરીને તેમના જીવનમાં સુખના પ્રાણ પુર્યા છે. આ પરંપરાને જીવિત રાખવા અને આગળ વધારવાના ઉદેશથી સંસ્થાએ આત્મીય સ્નેહ મિલન અને ભામાશા સમારોહનું આયોજન કરી દાનવીરોને સન્માનિત કરવાનો નિર્ણય કર્યો છે. આ સમારોહમાં પ.પૂ. ડો.કૈલાશ માનવના પ્રમુખ ઉપસ્થિત રહી આપસૌનું સન્માન કરશે. વધુમાં નારાયણ સેવા સંસ્થાન, ઉદેપુર દ્વારા આયોજીત આત્મીય સ્નેહ મિલન સમારોહનું આવતીકાલ તા.૧૩/૧૧/૨૦૨૨ને રવિવારે સાંજે ૫ કલાકે પ્રેસીડેન્ટ હોલ રેલ્વે સ્ટેશનની સામે જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનમાં જૂનાગઢ જીલ્લાના ૨૦૦થી વધુ દાતાઓનું સન્માન કરવામાં આવશે. વધુ માહિતી માટે તરૂણભાઈ નાગદા, રાજકોટ નારાયણ સેવા સંસ્થાન ઈન્ચાર્જ મો.નં.૯૫૨૯૯ ૨૦૦૮૩ કોન્ટેક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# જૈન સંઘ જૂનાગઢમાં ચાતુર્માસ પૂર્ણ થતા મહિમાજી મહાસતીજીનો વિહાર

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ, તા.૧૨

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ જૂનાગઢના પ્રમુખ લલિતભાઈ દોશીની યાદી જણાવે છે કે, લીંબડી અજરામર સંપ્રદાયના પરમ પૂજ્ય મહીમાજી મહાસતીજી આદી ઠાણા ૪ ભવ્યથી ભવ્ય ચાતુર્માસ પૂર્ણ કરી તા.૯/૧૧/૨૦૨૨ બુધવારે જગમાલ ચોક ઉપાશ્રયથી વિહાર કરી રાયજીબાગ શુભ રેસિડન્સી ખાતે પધારેલા હતા. વિહારના રૂટમાં અલગ અલગ દાતાઓ તરફથી ૧૧ પ્રભાવનાઓ કરવામાં આવેલ હતી. ત્યારબાદ સવારે ૯:૦૦ વાગ્યે નવકારશીનું આયોજન કરવામાં આવેલ હતું. ૪૫૦થી વધારે શ્રાવક શ્રાવિકાઓ તથા બાળકોએ નવકારશીનો લાભ લીધેલ હતો. નવકારશીનો લાભ યશ કલ્પેશભાઈ ટોલીયા પરીવારે લીધેલ હતો. સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીશ્રી તથા સર્વે કારોબારી સભ્યો તેમજ ટ્રસ્ટી હીરેનભાઈ રમણીકલાલ માવાણીએ સર્વે દાતાઓનો તેમજ કલ્પેશભાઈ ટોલીયા (કોર્પોરેશનના સેક્રેટરી) પરીવારનો આભાર માનેલ છે.

# ઉના મુસ્લીમ સમાજનું ગૌરવ સામાન્ય સરકારી ક્વોટામાં મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો

(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૧૨

ઉના શહેરમાં રહીમ નગરમાં રહેતા અને સામાન્ય મચ્છી લે વેચનો નવાબંદરમાં ધંધો કરતા મુસ્લીમ સમાજના આગેવાન સાજીદભાઈ શેખ (બાલી)ના પુત્ર સિદ્દીકી મહંમદ, સમીર મહમદ, સાજીદ નાન પણથી ભણવામાં હોશિયાર છે અને ધોરણ ૧૨ સાયન્સ બી.ગ્રુપમાં પરીક્ષાની તૈયારી કરતો હતો ત્યાં અચાનક માતાનું અવસાન થયું તેમ છતાં મનન મક્કમ કરી પરીક્ષાની તૈયારી કરી માર્ચમાં બોર્ડની પરીક્ષા આપી ઉચ્ચ ગુણ મેળવેલ અને નીટની પરિક્ષા અપેલ જેમાં ઉંચુ મેરીટ મેળવતા તેમણે મેડિકલ કોલેજમાં એમબીબીએસમાં ફોર્મ ભરેલ પ્રથમ રાઉન્ડ બહાર પડેલ જેમાં ૨૩ મેરીટ ક્રમાંક સરકારી ગ્રાન્ટેડ કોલેજમાં ઓપન મેરીટ ગવર્મેન્ટ સીટમાં પ્રવેશ મળેલ અને જામનગરમાં આવેલ એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવેલ છે.



# જૂનાગઢ : ઓટો રીક્ષામાં ભુલી ગયેલ થેલો નેત્રમ શાખા દ્વારા શોધી મુળ માલીકને સોપ્યો

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢની લીલી પરિક્રમામાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતા હોય છે. અરજદાર કાનજીભાઈ લખમણભાઈ ડાભી તેમના મિત્ર સાથે ભાવનગર શહેરથી જૂનાગઢ ખાતે પરીક્રમાં કરવા આવેલ હતા. ભવનાથ વિસ્તારથી રિક્ષામાં બેસી દાતાર રોડ પાસે ઓટો રીક્ષામાંથી ઉતરી ગયા બાદ તેમને ખ્યાલ આવેલ કે તેમના સામન સાથે રીક્ષાના ઉપરના ભાગે રાખેલ થેલો તે ઓટો રીક્ષામાં જ રહી ગયેલ હતો. જે થેલામાં જરૂરી સામાન કપડા, વગેરે મળી કુલ રૂા. ૪,૬૦૦/-ની કીંમતની વસ્તું હતી જે થેલો ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય તે અને તેમના મિત્રો વ્યથિત થઈ ગયેલ હતા. કાનજીભાઈ દ્વારા આ બાબતની જાણ ભવનાથ પો.સ્ટે.ના પી.એસ.આઇ એમ.સી. ચુડાસમાને કરતા પી.એસ.આઇ એમ.સી. ચુડાસમા દ્વારા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઇ. પી.એચ.મશરૂને આ બાબતની જાણ કરતા નેત્રમ શાખા અને ભવનાથ પો.સ્ટે.ના પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. દરમ્યાન જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

જૂનાગઢ હેડ કવાર્ટર ડીવાયએસપી એ.એસ પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઇ પી.એચ.મશરૂ, એ.એસ.આઇ. વર્ષાબેન એમ. વઘાસીયા, પો.કોન્સ.દેવેનભાઇ સિંધવ, હાર્દિકભાઇ સિસોદિયા, ભાવેશભાઇ પરમાર એન્જી. મસુદઅલીખાન પઠાણ સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી કાનજીભાઇ જે સ્થળથી પસાર થયેલ તે સમગ્ર રૂટના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા કાનજીભાઇ ભવનાથ વિસ્તારથી ઓટો રીક્ષામાં બેઠેલ તે રીક્ષાને ટ્રેક કરતા રીક્ષા દાતાર રોડ સુધી સીસી ટીવી કેમેરામાં નજરે પડેલ. ઝઝૂફ ફૂટેજ દ્વારા તે ઓટો રીક્ષાનો નંબર જીજે ૦૭ એટી ૦૩૬૬ શોધી કાઢવામાં આવેલ. તે ઓટો રીક્ષાના નંબરની માહિતી આધારે રીક્ષા ચાલકનું નામ સરનામું શોધી કાઢવામાં આવેલ હતું અને રીક્ષા ચાલકને




નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પોલીસ સ્ટાફ દ્વારા પૂછ પરછ કરતા તેમને પોતાની ઓટો રીક્ષામાં પેસેન્જરનો થેલો ઓટો રીક્ષામાં ઉપરના ભાગે રાખેલ હોય. જે કોઈ પેસેન્જર ભુલી ગયેલ હતા તેવું જણાવેલ. જૂનાગઢ પોલીસ દ્વારા કાનજીભાઇના કપડા સહિત કુલ રૂા. ૪,૬૦૦/- ની કીંમતનો થેલો ગણતરીની કલાકોમાં પરત કરેલ હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પોતાનો ખોવાયેલ થેલો સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને કાનજીભાઇ દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, નેત્રમ શાખા દ્વારા કાનજીભાઇનો કુલ રૂા.૪,૬૦૦/-ની કીંમતના સામાનનો થેલો ગણતરીની કલાકોમાં પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## યુધ્ધ સમયે સલાહ : ભારતે પોતાના નિર્ણયો પોતેજ લેવા જોઈએ

યુધ્ધના સમયે ભારતીય વિદેશ મંત્રીની મોસ્કો યાત્રાના નિહિતાર્થ ઊંડા છે અને તેનાં જે પરિણામ અત્યાર સુધી સામે આવ્યાં છે, જે બેહદ ઉત્સાહજનક છે. ભારતીય વિદેશ મંત્રી એસ.જયશંકરે મોસ્કોમાં ભારતના પક્ષને દોહરાવતાં કહ્યું છે કે ભારત સંવાદ તરફ વાપસીની જરૂરિયાતને દૃઢતાથી દોહરાવે છે. જ્યારે અર્થવ્યવસ્થાઓ ઉપર મુશ્કેલીઓ વધતી જાય છે, ત્યારે એ સુખદ છે કે વિદેશ મંત્રીએ ફરીથી રશિયાને સમજાવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કોરોના મહામારી, આર્થિક દબાણ અને વેપાર સંબંધી કઠિનાઈઓએ વૈશ્વિક અર્થવ્યવસ્થા ઉપર ખરાબ અસર કરી છે. ઉફરથી રશિયા-યુક્રેન યુધ્ધનાં પરિણામો બધા વેઠી રહ્યા છે. ધ્યાન આપવાની વાત છે કે યુધ્ધના સમયે પણ ભારત અને રશિયા વિભિન્ન સ્તરો ઉપર મજબૂત અને નિરંતર સંપર્ક બનાવી રાખ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સપ્ટેમ્બરમાં સમરકંદમાં મુલાકાત કરી હતી અને ત્યાં પણ વડાપ્રધાને સમજાવ્યું હતું કે આ યુધ્ધનો સમય નથી. એકંદરે રશિયાને આપવામાં આવેલ સલાહ ઉપર અમેરિકા એક રીતે ગદગદ છે. અમેરિકી પ્રવક્તાએ ત્યાં સુધી કહ્યું કે રશિયાએ ભારતની સલાહ ઉપર ધ્યાન આપવું જોઈએ. જોકે યુધ્ધ વિરૂધ્ધ કડક પગલાં ઉઠાવવાની સાથે સાથે અમેરિકાએ પણ સંવાદ-સુલેહ વિશે વિચારવું જોઈએ. ફક્ત ભારતની કોશિષોથી યુધ્ધ અટકવાનું નથી. હાલમાં દુનિયામાં કેટલા દેશ છે, જે એવી કોશિશ રશિયા સામે પ્રભાવી રૂપે કરી રહ્યા છે? જ્યારે ભારતને યુધ્ધ સમયે રશિયા પાસેથી સસ્તું તેલ મળી રહ્યું છે, ત્યારે પણ ભારત જો યુધ્ધની વહેલી સમાપ્તિ ઈચ્છે છે, તો એ વાત દુનિયાના વિકસિત દેશોએ સમજવા જેવી છે. ભારતીય નીતિ શરૂઆતથી જ ગુટનિરપેક્ષતા અને બહુધ્રુવીય દુનિયાની રહી છે, તેથી ભારત ક્યારેય નહીં ઈચ્છે કે કોઈ એક ધ્રુવનો વિજય થાય અને પરાજિત ધ્રુવનું માનમર્દન થાય. અમેરિકા માટે પણ આ યુધ્ધ બોધપાઠ હોવું જોઈએ. બહુધ્રુવીય દુનિયા જ યુધ્ધને રોકવામાં વધુ કારગત નીવડશે. જે રશિયા આજે ખુલ્લેઆમ લગભગ એકલું પડી ગયું છે, તે પણ બહુધ્રુવીય દુનિયાના મહત્ત્વને ક્યાંય બહેતર સમજતું હશે. વિદેશ મંત્રીએ મોસ્કોમાં બહુધ્રુવીય દુનિયા એટલે કે સંતુલિત દુનિયા તરફ બહેતર ઈશારો કર્યો છે. આ યાત્રાથી રશિયા-ભારત સંબંધોને પણ નિઃસંદેહ બળ મળ્યું હશે. ઈતિહાસ સાક્ષી છે કે રશિયાને સાથે રાખવું રણનીતિક રૂપે ભારત માટે હંમેશાં ફાયદેમંદ રહ્યું છે. હવે ચર્ચા તેલની પણ બહુ છે કે ભારત આખરે રશિયા પાસેથી તેલ કેમ લઈ રહ્યું છે? જયશંકરે મોસ્કોમાં કહ્યું છે કે ભારત તેલ લેવાનું ચાલુ રાખશે. અમેરિકા ઈચ્છે છે, બધા દેશ રશિયા પર પોતાની નિર્ભરતા ઓછી કરે, પરંતુ તે ભારતના પોતાના દ્વિપક્ષીય હિતોને પણ સ્વીકાર કરે છે. અમેરિકાને ખબર છે કે વિશાળ આબાદીવાળા ભારતની ઊર્જા જરૂરિયાતો બહુ વધારે છે અને કોઈપણ સ્થિતિમાં અમેરિકા એટલું તેલ ભારતને ઉપલબ્ધ ન કરાવી શકે. એવામાં તે ભારતને કોઈની પાસેથી તેલ લેવાથી કેવી રીતે રોકી શકે? અહીં અમેરિકા ફક્ત નિવેદન અને સલાહની મુદ્રામાં છે. અમેરિકા માને છે, આ રશિયાની સાથે હંમેશાંની જેમ વેપાર કરવાનો સમય નથી, પરંતુ આ સલાહ ઉપર દુનિયાના કેટલા દેશો ચાલી શકે? ભારત જેવા ઉદાર દેશ માટે એટલું બહુ છે કે અમેરિકા આ તેલ આયાતને પ્રતિબંધોનું ઉલ્લંઘન નથી માની રહ્યું. દુનિયામાં રશિયન તેલના બીજા પણ ખરીદાર છે. આજે અમેરિકા અને તેના સમર્થક દેશ રશિયાને કોઈપણ ક્ષેત્રમાં વિશ્વસનીય નથી માની રહ્યા, પરંતુ ભારતે પોતાના નિર્ણયો પોતે જ લેવાનો ક્રમ ચાલુ રાખવો જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ધીરજવાન એટલે જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી થાક્યા વિના ક્રિયાશીલ રહેનાર મનુષ્ય...

- નીતિ શતક

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.ખોરદાદ-૧૩૯૨, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, કારતક વદ-૪ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૦૫ ક.) તા.૧૨ નવેમ્બર ૨૦૨૨, શનિવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૭, મૃગશીર્ષ નક્ષત્ર, સિધ્ધ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૪, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.
વૃષભ: મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ ટાળવો.
મિથુન: ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વાણી સંઘર્ષ થાય.
કર્ક : મોશાળપક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.
સિંહ: હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.
કન્યા: મહત્વના કાર્ય અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.
તુલા : જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.
વૃશ્ચિક : આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.
ધન : અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.
મકર : પ્રવાસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ : વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.
મીન : આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

# c-VIGIL એપ અને અન્ય સરળ માધ્યમોને કારણે સામાન્ય નાગરિકોમાં ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે સારી સજાગતા : શ્રીમતી પી. ભારતી

## રાજ્યમાં ૧૧૪ જનરલ ઓબ્ઝર્વર્સ, ૩૬ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૬૯ ખર્ચ ઓબ્ઝર્વર્સ : અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગની એકપણ ગંભીર ફરિયાદ નથી આવી : રૂા.૭,૧૮૮ લાખની જપ્તી : ૬૧૧ ફ્લાઈંગ સ્કોડ અને ૮૦૨ સ્ટેટીક સરવે ટીમ કાર્યરત

અમદાવાદ, તા.૧૨

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના બન્ને તબક્કાના મતદાન માટેની ચૂંટણી પ્રક્રિયા નિશ્ચિત શિડ્યુલ પ્રમાણે ચાલી રહી છે. બન્ને તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. તમામ જિલ્લાઓમાં ચૂંટણી તંત્ર દ્વારા આ કામગીરી આયોજનબદ્ધ રીતે ચાલી રહી છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગની એક પણ ગંભીર ફરિયાદ આવી નથી. એટલું જ નહીં, છ-ફૈઁ- મોબાઈલ એપ જેવા સરળ અને હાથવગા માધ્યમો હોવાથી સામાન્ય નાગરિકોમાં પણ આદર્શ આચાર સંહિતાના પાલન પ્રત્યે સારી સજાગતા જોવા મળી છે. મતદાન જાગૃતિ માટેના અમારા પ્રયત્નોને પણ સમાજના તમામ વર્ગોમાંથી પ્રોત્સાહક પ્રતિભાવ મળી રહ્યો છે. તમામ જિલ્લાઓમાં ચૂંટણી તંત્ર પ્રશંસનીય કામગીરી કરી રહ્યું છે.

આ પત્રકાર પરિષદમાં ગુજરાત પોલીસના એ.ડી.જી. (કાયદો અને વ્યવસ્થા) તથા સ્ટેટ પોલીસ નોડલ ઑફિસર નરસિમ્હા કોમર, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી કુલદીપ આર્ય, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી અશોક માણેક, સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી અશોક પટેલ તથા સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી અજય ભટ્ટ અને માહિતી નિયામક આર.કે. મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

**ઈ.વી.એમ.- વી.વી.પેટનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન પૂર્ણ**

મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે, તમામ જિલ્લાઓમાં ઈ.વી.એમ. અને વી.વી.પેટના ફર્સ્ટ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં આ કામગીરી પૂર્ણ કર્યા પછી ઈ.વી.એમ અને વી.વી.પેટ મશીનો જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારીઓને સોંપવાની કામગીરી અત્યારે ચાલી રહી છે. તમામ મશીનોની યાદી પણ રાજકીય પક્ષોને આપવામાં આવી રહી છે. ભારતના ચૂંટણી પંચની તમામ સુચનાઓના ચુસ્ત પાલન સાથે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ કામગીરી ચોકસાઈપૂર્વક ચાલી રહી છે. હરિફ ઉમેદવારોની યાદી આખરી થયા પછી તેમના પ્રતિનિધિઓની હાજરીમાં ઈ.વી.એમ અને વી.વી.પેટના સેકન્ડ રેન્ડમાઈઝેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**મતદાર ફોટો ઓળખકાર્ડ**

મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા અન્વયે ૧૨ ઓગસ્ટથી ૦૯ ઑક્ટોબર દરમ્યાન ૧૬,૫૧,૯૦૫ મતદાર ફોટો ઓળખકાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. તમામ ઈૅઝ પ્રિન્ટ થઈ ગયા છે અને મતદારોને પોસ્ટ ઓફિસ મારફતે સ્પીડ પોસ્ટ દ્વારા વિનામૂલ્યે પહોંચતા કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

**વરિષ્ઠ મતદારો, દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થા**

૮૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો અને કોવિડ-૧૯ પ્રભાવિત કે શંકાસ્પદ કક્ષામાં સમાવિષ્ઠ મતદારો પણ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનો મળીને ૧૨,૨૬,૯૧૧ મતદારો નોંધાયા છે. દરેક જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા સંભાળી રહેલાં કર્મચારીઓ આવા મતદારોની રૂબરૂ મુલાકાત લઈ રહ્યાં છે. અત્યારસુધીમાં ૭,૭૭,૬૦૪ મતદારોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે. જે મતદારો મતદાન મથક સુધી જઈ શકે તેમ નથી તેવા મતદારો ફોર્મ ૧૨-ડી ભરી રહ્યાં છે. અત્યારસુધીમાં આવા ૪,૯૩,૩૧૦ મતદારોને ફોર્મ-૧૨ ડી આપવામાં આવ્યું છે.

**ઓબ્ઝર્વર્સ**

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીના સુચારૂ સંચાલન અને દેખરેખ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા જનરલ ઓબ્ઝર્વર્સ અને પોલીસ ઓબ્ઝર્વર્સની નિમણૂંક કરવામાં આવી છે. ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં થાય એટલુ જ નહિં, ઉમેદવારોના ખર્ચ પર દેખરેખ રાખવા માટે પણ ખર્ચ ઓબ્ઝર્વર્સની નિમણૂંક કરવામાં આવી છે. પ્રથમ તબક્કાનું મતદાન જ્યાં થવાનું છે તે વિસ્તારો માટે ૫૮ જનરલ ઓબ્ઝર્વર્સ, ૨૧ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૩૬ ખર્ચ ઓબ્ઝર્વર્સની નિમણૂંક કરવામા આવી છે જ્યારે બીજા તબક્કામાં જ્યાં મતદાન થવાનું છે તે વિસ્તારો માટે ૫૬ જનરલ ઓબ્ઝર્વર્સ, ૧૫ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૩૩ ખર્ચ ઓબ્ઝર્વર્સની નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાતમાં અત્યારે ૧૧૪ જનરલ ઓબ્ઝર્વર્સ, ૩૬ પોલીસ ઓબ્ઝર્વર્સ અને ૬૯ ખર્ચ ઓબ્ઝર્વર્સ ફરજ બજાવી રહ્યા છે.

**ખર્ચ દેખરેખ નિયંત્રણ**

ચૂંટણી ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવા રાજયમાં હાલમાં ૬૧૧ ફ્લાઈંગ સ્કોડ અને ૮૦૨ સ્ટેટીક સર્વેલન્સ ટીમો કાર્યરત છે. અત્યાર સુધીમાં રૂા.૭,૧૮૮ લાખની કુલ જપ્તી કરવામાં આવી છે, જેમાં રૂ.૬૬ લાખની રોકડ, રૂા.૩૮૫ લાખની કિંમતનો દારૂ, રૂા.૯૪ લાખનું ડ્રગ્સ અને રૂા.૧૮૭ લાખની કિંમતનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે. જ્યારે રૂા.૬,૪૫૬ લાખની કિંમતની અન્ય ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. જેમાં ચાઈનીઝ રમકડાં, મોટરકાર, મોટરસાયકલ, મોબાઈલ ફોન વગેરેનો સમાવેશ થાય છે.

**આચારસંહિતાનો અમલ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ રાજ્યમાં આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ થઈ રહ્યો છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતા અમલી બન્યા પછી અત્યારસુધીમાં સરકારી ઈમારતો અને સરકારી સંકુલો ઉપરથી ૨,૨૮,૯૮૧ અને ખાનગી મિલકતો કે સંકુલો ઉપરથી ૪૪,૨૩૩ પોસ્ટર્સ, બેનર્સ કે જાહેરાતો દૂર કરવામાં આવ્યા છે. આટલા દિવસો દરમિયાન આદર્શ આચારસંહિતાના ભંગની કોઈ ગંભીર ફરિયાદ મળી નથી.

**c-VIGIL મોબાઈલ એપ્લિકેશન**

પી. ભારતીએ કહ્યું હતું કે, સામાન્ય નાગરિકો પણ આચારસંહિતાના ભંગની ફરિયાદ કરી શકે તે માટે **c-VIGIL** મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે અને તે દ્વારા મળતી ફરિયાદોના નિરાકરણ માટે જિલ્લા કક્ષાએ સ્પેશિયલ ટીમ અને નોડલ ઓફિસરની નિમણૂંક કરવામાં આવી છે.

**c-VIGIL** મોબાઈલ એપ્લિકેશન પર મળેલી ફરિયાદોનો ૧૦૦ મિનીટમાં નિકાલ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં **c-VIGIL** મોબાઈલ એપ્લિકેશન દ્વારા ૫૮૩ ફરિયાદો મળી છે, તે પૈકી ૩૬૨ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, જયારે ૨૨૧ ફરિયાદો સાચી જણાઈ નહોવાથી તેને ડ્રોપ કરવામાં આવી છે.

**અન્ય ફરિયાદો**

તેમણે જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા ઓનલાઈન ફરિયાદ માટે નેશનલ ગ્રિવન્સીસ રિડ્રેસલ સિસ્ટમ પોર્ટલ બનાવવામાં આવ્યું છે. આ પોર્ટલ દ્વારા છેલ્લા સપ્તાહમાં ૧,૩૨૩ ફરિયાદો મળી છે. તે પૈકી ૧,૧૭૨ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

સામાન્ય પ્રકારની ફરિયાદો માટે નાગરિકો અન્ય માધ્યમોનો ઉપયોગ કરી રહ્યાં છે. નાગરિકોની ફરિયાદો અને સુવિધા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા કંટ્રોલ રૂમના ફોન નંબર આપવામાં આવ્યા છે. આ માધ્યમ મારફતે અત્યાર સુધીમાં ૪૪ ફરિયાદો મળી છે. તે તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ કચેરીમાં મિડિયા સેલ ઊભો કરીને ટેલિવિઝન અને સોશિયલ મિડિયા પર દેખરેખ રાખવામાં આવી રહી છે. પ્રચાર માધ્યમો પરથી ૨૮ ફરિયાદો મળી છે. જે પૈકી ૧૭ ફરિયાદનો નિકાલ થયો છે. આ કચેરીની ફરિયાદ શાખાને ટપાલ કે ઈ-મેઈલ દ્વારા અત્યારસુધીમાં ૧૫૪ ફરિયાદો મળી છે. તે પૈકી ૬૬ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. વિવિધ પ્રકારની કુલ ૪,૩૪૯ ફરિયાદો મળી છે, જેમાં **EPIC**ની ૩,૬૫૪ ફરિયાદો તથા મતદારયાદી અને આચારસંહિતા ભંગની ૦૫ ફરિયાદો મળી છે. જેમાંથી ૪,૧૦૧ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

**એમ.સી.એમ.સી.-મિડિયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટિ**

ઈલેક્ટ્રોનિક મિડિયા, રેડિયો અને સોશિયલ મિડિયા ઉપર પ્રચાર-પ્રસાર કરતાં પહેલાં રાજકીય પક્ષોએ રાજ્ય અને જિલ્લા કક્ષાની એમ.સી.એમ.સી. કમિટિ (મિડિયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટિ)ની પૂર્વ મંજૂરી લેવાની હોય છે. મોટાભાગે રાજ્યકક્ષાની કમિટિ સમક્ષ જાહેરાતો પૂર્વ-પ્રમાણિત થવા માટે રજૂ થતી હોય છે. અત્યારસુધીમાં રાજ્યકક્ષાની એમ.સી.એમ.સી. કમિટિની ૧૦ બેઠકો મળી છે. ત્રણ મુખ્ય રાજકીય પક્ષો તરફથી આ કમિટિ સમક્ષ ૯૫૫ ક્રિએટીવ્સ પૂર્વ પ્રમાણિત થવા માટે રજૂ કરાયા હતા. જેની યોગ્ય ચકાસણી કરીને જરૂર જણાય ત્યાં સુધારા કરવાનું સૂચન કરાય છે અને તત્પશ્ચાત તેને પ્રસારિત કરવા મંજૂરી આપવામાં આવે છે.

**અધિકારી અને કર્મચારીઓને ચૂંટણી સંચાલનની તાલીમ**

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી સંચાલનની પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ અધિકારી અને કર્મચારીઓ ચૂંટણી સંચાલનની વૈધાનિક ફરજો, જવાબદારીઓ અને તે અંગેની કાયદાકીય બાબતોની સાથોસાથ ભારતના ચૂંટણી પંચની અદ્યતન સૂચનાઓથી વાકેફ રહી શકે તે હેતુથી ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડેમોક્રસી એન્ડ ઈલેકશન મેનેજમેન્ટ, નવી દિલ્હી દ્વારા વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં રાજ્યકક્ષાના ૪૮ માસ્ટર ટ્રેનર્સને આ ઈન્સ્ટીટ્યુટ દ્વારા તાલીમ આપવામાં આવી છે. જ્યારે જિલ્લાકક્ષાના ૭૫ માસ્ટર ટ્રેનર્સને રાજ્યકક્ષાએથી તાલીમ આપવામાં આવી છે. રાજ્યકક્ષાએ ૭૪ જેટલા પોલીસ માસ્ટર ટ્રેનર્સને સંબંધિત વિષયોની તાલીમ આપવામાં આવી છે. આ માસ્ટર ટ્રેનર્સ દ્વારા ૭૬,૫૯૪ જેટલા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. પી.ભારતીએ જણાવ્યું હતું કે, અત્યારે તાલીમ પ્લાન પ્રમાણે જિલ્લાકક્ષાએ ચૂંટણી મામલતદાર, નાયબ મામલતદાર, સેક્ટર ઑફિસર્સ, માઈક્રો ઓબ્ઝર્વર્સ, બુથ લેવલ ઓફિસર્સ, એમ.સી.સી.ટીમ, ઈ.ઈ.એમ. ટીમ, એમ.સી.એમ.સી. ટીમ વગેરેને તાલીમ આપવામાં આવી રહી છે. જિલ્લાકક્ષાએ ઈ.વી.એમ., વી.વી.પેટના પ્રથમ રેન્ડમાઈઝેશન પછી પોલીંગ સ્ટાફ, પ્રિસાઈડીંગ ઓફિસર્સ અને પોલીંગ ઓફિસર્સ વગેરેને તાલીમ આપવામાં આવશે.

**અવસર રથ** : રાજયના ૧૮૨ વિધાનસભા મતવિસ્તારો પૈકી ૨૦૨૨ મતદાન મથકોના વિસ્તારમાં મતદાન જાગૃતિ માટે વિશેષ પ્રયત્નોના ભાગરૂપે અવસર રથ ફરી રહ્યો છે. તા.૩ નવેમ્બર, ૨૦૨૨થી અવસરરથ ફરી રહ્યો છે. વલસાડ, પંચમહાલ, આણંદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, બોટાદ, જામનગર અને ભાવનગર જિલ્લામાં અવસર રથની યાત્રા સંપન્ન થઈ ગઈ છે. અત્યારે નવસારી, સુરત, વડોદરા, ખેડા, અમદાવાદ, સાબરકાંઠા, બનાસકાંઠા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં અવસર રથ દ્વારા મતદાન જાગૃતિના પ્રયત્નો ચાલી રહ્યા છે.

**ચેટબોટ** : મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વખતે સૌપ્રથમ વખત અમે ચૅટબોટ તૈયાર કરી રહ્યા છીએ. આ ચૅટબોટ પર મતદારો અને ઉમેદવારો માટેની જરૂરી પ્રાથમિક માહિતી પ્રશ્નોત્તરી સ્વરૂપે ઉપલબ્ધ હશે. ચૅટબોટ એ એક મોબાઈલ નંબર ૬૩૫૭૧ ૪૭૭૪૬ છે. આ નંબર પર કોલ કરીને કોઈપણ વ્યક્તિ ઓટોમેટેડ ચેટથી જરૂરી માહિતી મેળવી શકશે. ઉમેદવાર અંગેની વિગતો, મતદાર યાદી સંબંધિત પ્રશ્નો, આદર્શ આચારસંહિતાની માહિતી, મતદાન કરવા માટે કયા-કયા પુરાવા જરૂરી છે વગેરે પ્રકારની માહિતી પ્રશ્નોત્તરી સ્વરૂપે ઉપલબ્ધ હશે.

આ ચૅટબોટના ઉપયોગ દ્વારા લોકોને જરૂરી માહિતી સરળતાથી ઉપલબ્ધ થશે એટલુ જ નહિ, મતદાન પ્રક્રિયા પ્રત્યે વિશેષ જાગૃતિ કેળવાશે અને મતદાન માટે જાગૃતિ કેળવાશે. મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે આ ચૅટબોટ વિશેષ ઉપયોગી થશે.

**ઈ-શપથ અભિયાન** : મતદારો મતદાન માટે સંકલ્પબદ્ધ બને તે હેતુથી ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ઈ-શપથ ઓનલાઈન કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું છે. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ્સ પર મૂકવામાં આવેલી લિંક દ્વારા નાગરિકો મતદાન કરવાનો સંકલ્પ લઈ રહ્યા છે. એટલુ જ નહિં, અન્ય લોકોને પણ મતદાન કરવા પ્રેરણા આપી રહ્યા છે. અત્યારસુધીમાં ૫,૪૦,૬૫૨ મતદાતાઓએ ઈ-શપથ દ્વારા મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

**KnowYour Candidate(KYC)** મોબાઈલ એપ અને **PwD** એપઃ મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, **Know Your Candidate (KYC)** એપ્લિકેશન કાર્યરત કરવામાં આવી છે. આ મોબાઈલ એપ ઉપર તમામ ઉમેદવારોની તમામ વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવશે. તમામ ઉમેદવારોની એફિડેવિટ્સ અને ગુનાઈત માહિતી હશે તો તે પણ ઉપલબ્ધ કરાવાશે.

જ્યારે **PwD-Personal with Disablility** મોબાઈલ એપ પણ લોન્ચ કરવામાં આવી છે. દિવ્યાંગ મતદારોને આ એપ્લિકેશનના માધ્યમથી ઘરે બેઠા ઉપયોગી માહિતી મળી શકશે. દિવ્યાંગ મતદારો પોતાના ઉપયોગ માટે વ્હિલચેરની વિનંતી કરી શકશે. **Voter Helpline Application (VHA)** પણ લોન્ચ કરવામાં આવી છે. આ ઍપ્લિકેશન દ્વારા મતદારો પોતાનું નામ સર્ચ કરી શકે છે, ઉમેદવારો વિશે માહિતી મેળવી શકે છે, ફરિયાદ કરી શકે છે અને મતદાર યાદી સંબંધિત મદદ મેળવી શકે છે.

### મસ્કે ટ્વીટરની કમાન સંભાળતા કર્મીઓના બૂરે દિન શરૂ

# કર્મચારીઓએ સપ્તાહમાં ૮૦ કલાક કામ કરવું પડશે

### ઓફિસમાં ફ્રી ફૂડ જેવી સુવિધા નાબૂદ કરવામાં આવશે

### એટલું જ નહીં, વર્ક ફ્રોમ હોમ પણ બંધ કરવું પડશે

વોશિંગ્ટન તા.૧૨

જયારથી એલોન મસ્કે કંપનીની જવાબદારી સંભાળી છે ત્યારથી ટ્વિટરના કર્મચારીઓના ખરાબ દિવસો શરૂ થઈ ગયા છે. હવે એલોન મસ્કે કર્મચારીઓ માટે કેટલાક આદેશ જારી કર્યા છે, જે આવનારા દિવસોમાં ટ્વિટર કર્મચારીઓની મુશ્કેલીમાં વધારો કરી શકે છે.

કંપનીને ૪૪ બિલિયન ડોલરમાં ખરીદ્યા પછી ટ્વિટરના કર્મચારીઓને તેમના પ્રથમ સંબોધનમાં, એલોન મસ્કે કંપની નાદાર થવાની આશંકા વ્યકત કરી છે. તેમણે કહ્યું કે, અમારે નફાકારક સ્થિતિમાં રહેવા માટે અઠવાડિયામાં ૮૦ કલાક કામ કરવું પડશે. આ ઉપરાંત ઓફિસમાં ફ્રી ફૂડ જેવી સુવિધાઓ પણ નાબૂદ કરવામાં આવશે. એટલું જ નહીં, વર્ક ફ્રોમ હોમ પણ બંધ કરવુ પડશે.

ઈલોન મસ્કનું કહેવું છે કે, જે કોઈ ઓફિસમાં નહીં આવે, તેને માની લેવામાં આવશે કે તેણે રાજીનામું આપી દીધુ છે. તેમજ જો કંપની વધુ રોકડ એકત્ર કરવામાં સક્ષમ નહોય તો નાદારીનું જોખમ પણ હોઈ શકે છે. ઈલોન મસ્કે ટ્વિટરની જવાબદારી સંભાળ્યાના બે મહિનામાં ઘણા મોટા નિર્ણયો લીધા છે. તેમણે અડધાથી વધુ કર્મચારીઓની છટણી કરી છે. ભારતમાં પણ ટ્વિટર ઈન્ડિયાના ૯૦% કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. આ લોકોમાં ટ્વિટરના સીઈઓ પરાગ અગ્રવાલ પણ સામેલ છે. તેમણે અન્ય બાકી કર્મચારીઓને ઓફિસમાં આવીને કામ કરવાની સલાહ આપી છે. સમગ્ર મામલાની જાણકારી ધરાવનાર એક વ્યક્તિએ જણાવ્યું કે, ઈલોન મસ્કએ કર્મચારીઓને કહ્યાંક કે, જો તમે ઓફિસ ન આવો તો તમારૂ રાજીનામું સ્વીકારવામાં આવશે. આટલું જ નહીં, લોકોને નોકરીમાંથી કાઢી મૂકવાના સવાલ પર એલોન મસ્કે કહ્યું કે, આપણે વધુ મજબૂત બનવું પડશે. આ સંકટનો સામનો કરવા માટે, અમારે તરત જ ૮ ડોલર સબસ્ક્રિપ્શન ફી પ્લાન સાથે આગળ વધવું પડશે. નિષ્ણાતો માને છે કે, કર્મચારીઓ પાસેથી વધુ કામ મેળવવા અને તેમને પ્રોત્સાહિત કરવા માટે, તેમને નાણાકીય કટોકટી વિશે જણાવવામાં આવ્યું છે. તે સંદેશ આપવા માંગે છે કે જો લોકો ગંભીરતાથી કામ નહીં કરે તો ટ્વિટર મુશ્કેલ સ્થિતિમાં આવી જશે.

રોજ ૩૦ મિનિટ જનસેવાના કાર્યક્રમો બતાવવા પડશે

# ટીવી ચેનલો માટે મોદી સરકારે નવી ગાઈડલાઈન જાહેર કરી : ૧૧ વર્ષ બાદ નવી ગાઈડલાઈન જાહેર કરાઈ છે



નવી દિલ્હી, તા.૧૨

સરકારે ટીવી ચેનલો માટે નવી ગાઈડલાઈનજાહેર કરી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે ૧૧ વર્ષ બાદ નવી ગાઈડલાઈન જાહેર કરી છે. કેબિનેટ દ્વારા પણ તેને મંજૂરી આપવામાં આવી છે. માહિતી અને પ્રસારણ સચિવ અપૂર્વ ચંદ્રાએ જણાવ્યું છે કે, ફેરફારમાં ત્રણ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે તેમાં સરળતાથી મંજૂરી, બિઝનેસ પ્રક્રિયાને સરળ બનાવવી અને સરલીકરણ અને તર્કસંગત બનાવવું. નવી ગાઈડલાઈનમાં દરેક બ્રોડકાસ્ટર અથવા ચેનલને રોજ રાષ્ટ્રીય મહત્ત્વ અથવા હિત અને જનસેવા સાથે જોડાયેલ મુદ્દા ઉપર અડધો કલાક કંટેટ આપવું ફરજિયાત છે. તેના માટે મંત્રાલય તરફથી આઠ થીમ વિકલ્પ આપવામાં આવ્યા છે. જેમાંથી કોઈ પણ મુદ્દા ઉપર ચેનલ અડધો કલાક કાર્યક્રમ કરી શકશે. તેમાં મહિલા સશક્તિકરણ, કૃષિ અને ગ્રામિણ વિકાસ, શિક્ષણ અને સાક્ષરતાનો પ્રસાર, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ, સાયન્સ અને ટેકનોલોજી, સમાજ અને નબળા વર્ગનું કલ્યાણ, રાષ્ટ્રીય અખંડિતા, પર્યાવરણ અને સંસ્કૃતિ સંરક્ષણ સામેલ છે. ચંદ્રાનું કહેવું છે કે, આ અડધો કલાકના સ્લોટ માટે આપવામાં આવતી સામગ્રીને લઈને ટૂંક સમયમાં સ્ટેક હોલ્ડર્સમતલબ ચેનલો વગેરે સાથે ચર્ચા કરીને તેના વિષે અલગથી ગાઈડલાઈન જાહેર કરશે. જો કે, સ્પોર્ટ્સ, વાઈલ્ડ લાઈફ અને વિદેશી ચેનલો ઉપર આ નિયમ લાગુ થઈ જાય. તેમનું કહેવું છે કે, છેલ્લા કેટલાય વર્ષોમાં અમે જે સુધારા કર્યા છે, તેમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ સાથે જોડાયેલ કિસ્સામાં જોડાયેલ સુધારા મહત્ત્વના છે. ચંદ્રાનું કહેવું છે કે, નવા દિશા-નિર્દેશ અંતર્ગત ઈવેન્ટ સાથે જોડાયેલ કાર્યક્રમોનું જીવંત પ્રસારણ માટે પહેલાથી મંજૂરી લેવાની શરત ખતમ કરી દેવામાં આવી છે. જો કે, લાઈવ પ્રસારણ કરાતા કાર્યક્રમોનું પૂર્વ રજિસ્ટ્રેશન જરૂરી છે. દિશા-નિર્દેશો અનુસાર એકથી વધારે ટેલીપોર્ટની સુવિધાઓનો ઉપયોગ કરીને કોઈ ચેનલને અપલિંક કરી શકાય છે. હાલના નિયમો અંતર્ગત ફક્ત એક જ ટેલીપોર્ટ અથવા ઉપગ્રહ દ્વારા ચેનલને અપલિંક કરી શકાય છે. ચેનલોની નેટવર્થ સાથે જોડાયેલા નિયમોમાં પણ ફેરફાર કર્યો છે. ચેનલોના રિન્યૂ હોવા ઉપર તેમની નેટવર્થની લિમિટ ૨૦ કરોડ કરવામાં આવી છે.

# રેવડી કે કલ્યાણ ? હિમાચલ અને ગુજરાતમાં ભાજપ માટે કસોટી છે




દહેરાદુન તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ''રેવડી સંસ્કૃતિ'' વિરૂધ્ધ આહવાનને પગલે મફતની સામે સૈદ્ધાંતિક સ્થિતિ લીધા પછી, ભાજપ ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓમાં એક જટિલ સંતુલન કાર્ય કરી રહી છે. ગયા રવિવારે રિલીઝ થયેલા હિમાચલ પ્રદેશ માટેના તેના 'સંકલ્પપત્ર'માં, ભાજપે જાહેરાત કરી કે જો તે રાજ્યમાં સત્તા ઉપર આવશે, તો ધોરણ ૬-૧૨ની વિદ્યાર્થીનીઓને સાયર્ક મળશે જ્યારે ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓને સ્કૂટી મળશે. પાર્ટીએ બીપીએલ પરિવારોમાં મહિલાઓ માટે મફત એલપીજી સિલિન્ડર, સગર્ભા મહિલાઓ માટે રૂા.૨૫,૦૦૦ વગેરેનુંવચન પણ આપ્યું હતું.

ગુજરાત ચૂંટણીની જાહેરાત પહેલા, રાજ્યની ભાજપ સરકારે પીએમ ઉજ્જવલા યોજના હેઠળ બે મફત એલપીજી સિલિન્ડરની જાહેરાત કરી હતી. તેણે આ રાજ્યમાં મેનિફેસ્ટો બહાર પાડવાનો બાકી છે. બીજેપી રાષ્ટ્રીય નેતૃત્વ, જે પાર્ટી સંકલ્પપત્રની શરૂઆત કરવા માટે સિમલામાં હતું, તેણે આ વચનોને યોગ્ય ઠેરવતા કહ્યું કે આ મફત નથી પરંતુ મહિલાઓને સશક્ત કરવાના પગલાં છે. જો કે, ખાનગીમાં, તેઓ કબૂલ કરે છે કે કલ્યાણનાં પગલાં અને ફ્રીબીઝ અલગ નથી.

ભાજપના ટોચના નેતાએ કહ્યું કે, મફત એ એવી વસ્તુઓ છે જેને તમે દૂર કરી શકો છો. જેમ કે લોન માફ કરવી અથવા વીજળી બિલ. તેનાથી વિપરીત, તેમણે કહ્યું કે, સાયકલ અને સ્કૂટી છોકરીઓ અને મહિલાઓને સશક્ત બનાવશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, જેઓ તેમના ગૃહ રાજ્ય હિમાચલ પ્રદેશમાં પાર્ટીના પ્રચારનું નેતૃત્વ કરી રહ્યા છે, તેમણે કહ્યું કે: સશક્તિકરણ અને આકર્ષણ વચ્ચે તફાવત છે. જ્યારે તમે કોઈને સશકત કરો છો. તે આકર્ષણ નથી. અમારી તમામ પ્રતિબદ્ધતાઓ મહિલાઓ, બાગાયતશાસ્ત્રીઓ, કૃષિકારોના સશક્તિકરણ માટે છે. અન્ય વરિષ્ઠ નેતાએ કહ્યું કે ભાજપ મફત અને કલ્યાણના પગલાંને અલગ રીતે જુએ છે. ગરીબ ઘરને વીજળી પહોંચાડવી, જ્યાં ૭૫ વર્ષમાં વીજળી પહોંચી નથી, તે માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરે છે. પરંતુ તેમના વીજળી વપરાશ ચાર્જને માફ કરવો અથવા તેમને મફત વીજળી આપવી એ મફત છે. તેવી જ રીતે, ગરીબોને ઘર અને શૌચાલય પ્રદાન કરવા, અથવા રોગચાળા દરમ્યાન ખોરાકનું વિતરણ કરવું, તેને રાહત કહી શકાય નહીં. ભાજપના સૂત્રો સ્વીકારે છે કે આ એક મુશ્કેલ કામ છે, તેઓ કહે છે કે પાર્ટી પાસે વિકલ્પો છે. કોંગ્રેસ અને AAP સહિત અમારા હરીફો વિવિધ વર્ગોને વિવિધ વચનો આપી રહ્યા છે રેવડી કે કલ્યાણ ? હિમાચલ અને ગુજરાતમાં ભાજપ માટે કસોટી છે ત્યારે ભાજપ પણ પીછેહઠ કરી શકે નહીં. ભાજપના એક વરિષ્ઠ નેતા કહે છે કે માત્ર ભારતમાં જ નહીં, કલ્યાણકારી રાજનીતિ સમગ્ર વિશ્વમાં સામાન્ય બની ગઈ છે. તમે સશક્તિકરણ અને આકર્ષણ વચ્ચે તફાવત કરી શકો છો, જેની કિંમત આર્થિક વિકાસ માટે અવરોધો ઊભી કરી શકે છે, પરંતુ તમે એવી દલીલ સામે કેવી રીતે જીતશો કે ગરીબોને સુવિધાઓ અને સામગ્રી પ્રદાન કરવાની સરકારની ફરજ છે? સૈદ્ધાંતિક વલણ ઉપર પ્રવચનો આપવા માટે ચૂંટણીનો સમય એ યોગ્ય સમય નથી.

હિમાચલ પ્રદેશમાં, જ્યાં ભાજપ અંદરોઅંદર લડાઈ અને સત્તા વિરોધી લડાઈ લડી રહ્યું છે, કોંગ્રેસે તેના ઢંઢેરામાં તમામ ઘરોને માસિક ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી અને ૧૮ વર્ષથી ઓછી વયની મહિલાઓને ૧,૫૦૦ રૂપિયા પ્રતિ માસની નાણાકીય સહાયનું વચન આપ્યું છે. ગુજરાતમાં, કોંગ્રેસ પાર્ટીએ કહ્યું છે કે તે ૫૦૦ રૂપિયામાં એલપીજી ગેસ સિલિન્ડર, ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી, કેજીથી પીજી સુધીની છોકરીઓ માટે મફત શિક્ષણ, ૪ લાખ રૂપિયા ભથ્થું આપશે. જે પરિવારોએ કોવિડ-૧૯થી લોકો ગુમાવ્યા છે, તેમને રૂા.૩ લાખ સુધીની ખેતીની લોન માફ કરવી અને જો રાજ્યમાં સત્તા આવે તો ખેડૂતો માટે મફત વીજળી આપશે. ગુજરાતની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની AAP જે રાજ્યના રાજકારણમાં ત્રીજા ખેલાડી તરીકે ઉભરી આવી છે, તેણે ૧૮ વર્ષથી વધુ ઉંમરની તમામ મહિલાઓને ૧,૦૦૦ રૂપિયાનું માસિક ભથ્થું આપવાનું વચન આપ્યું છે. AAPએ દરેક પરિવારને ૩૦૦ યુનિટ સુધીની મફત વીજળી અને બેરોજગાર યુવાનોને દર મહિને રૂા.૩,૦૦૦ની ખાતરી આપી હતી. નડ્ડાએ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા વચનોને માત્ર લાલચ ગણાવ્યા છે અને કહ્યું છે કે, કોંગ્રેસ શાસિત છત્તીસગઢ અથવા રાજસ્થાનમાં આપેલા વચનો પાળ્યા નથી. કોંગ્રેસના સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના અધ્યક્ષ સુપ્રિયા શ્રીનાતે ભાજપ ઉપર બેવડા બોલવાનો આરોપ લગાવ્યો છે. તેઓ કહે છે કે, એક તરફ, ભાજપ અને પીએમ મોદી સામાન્ય લોકો માટે પ્રોત્સાહનો અને મદદને રેવડી કહે છે અને વિપક્ષો ઉપર હુમલો કરે છે. બીજી તરફ, તેમનો મેનિફેસ્ટો પણ આવા વચનો આપવામાં આવ્યા છે. તેણીએ કહ્યું કે આ એ હકીકતને પ્રતિબિંબિત કરે છે કે ભાજપ હિમાચલ પ્રદેશમાં સંપૂર્ણ ધોવાણ તરફ જઈ રહી છે. તેમની પાસે છેલ્લાં પાંચ વર્ષથી ભ્રષ્ટાચાર અને કુશાસન સિવાય બતાવવા માટે કંઈ નથી. તેમનો ૨૦૨૨નો મેનિફેસ્ટો એ ૨૦૧૭ના મેનિફેસ્ટોનું કોપી-પેસ્ટ છે. આ રેવડીનો મુદ્દો સૌપ્રથમ ત્યારે ઉભો થયો જ્યારે વકીલ અશ્વિની કુમાર ઉપાધ્યાયે આ વર્ષની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાં યુપી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા અરજી કરી, જેને તેમણે પક્ષકારોને મફતમાં ઓફર કરવાની પ્રથા તરીકે ઓળખાવી હતી. જુલાઈમાં, મોદીએ વિપક્ષ ઉપર ''રેવડી'' સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવીને આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેલંગાણા અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં ભાજપે કલ્યાણકારી રાજકારણને એજન્ડામાં કેન્દ્રસ્થાને રાખ્યું છે. તે AAP સામે ભાજપનું મુખ્ય શસ્ત્ર છે, જેણે તેની મફત વીજળી અને મફત પાણીના વચનોના આધારે રાજધાનીમાં પોતાનો આધાર મજબૂત કર્યો હોવાનું જોવા મળે છે. ગયા મહિને, ચૂંટણી પંચે પક્ષકારોને એક પ્રસ્તાવ ઉપર પત્ર લખ્યો હતો કે તેઓ તેમના વચનો પૂરા કરવા માટે ધિરાણ અને વધારાના સંસાધનો એકત્ર કરવાના માર્ગો અને માધ્યમો જણાવે, અને તેની અસર રાજ્ય અથવા કેન્દ્ર સરકારની નાણાંકીય સ્થિરતા ઉપર પડશે કે કેમ તે વિષે જાણકારી આપે.

# હિમાલયના પ્રદેશમાં મોટા ભૂકંપની પ્રબળ સંભાવના, યોગ્ય તૈયારી અને જાગૃતિ વધારવાની જરૂર છે : વૈજ્ઞાનિકો

દહેરાદુન તા.૧૨

વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે હિમાલયના ક્ષેત્રમાં મોટા ભૂકંપની પ્રબળ સંભાવના છે અને જીવન અને સંપત્તિના નુકસાનને ઘટાડવા માટે વધુ સારી તૈયારીની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. ઉત્તરાખંડમાં બુધવારે વહેલી સવારે પશ્ચિમ નેપાળના દૂરના પર્વતીય વિસ્તારમાં ૬.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેમાં છ લોકોનાં મોત થયા હતા. વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ હિમાલયન જીઓલોજીના વરિષ્ઠ ભૂ-ભૌતિકશાસ્ત્રી અજય પોલે જણાવ્યું હતું કે, હિમાલય ભારતીય અને યુરેશિયન પ્લેટો વચ્ચે અથડામણના પરિણામે આ ભૂકંપ આવ્યો છે. ભારતીય પ્લેટ પર યુરેશિયન પ્લેટના સતત દબાણને કારણે, તેની નીચે સંચિત થતી તાણયુક્ત ઊર્જા સમયાંતરે ભૂકંપના સ્વરૂપમાં પોતાને મુક્ત કરતી રહે છે. પૌલે જણાવ્યું હતું કે, હિમાલયની નીચે તાણયુક્ત ઊર્જાના સંચયને કારણે ધરતીકંપની ઘટના સામાન્ય અને અવિરત પ્રક્રિયા છે. સમગ્ર હિમાલય પ્રદેશ આંચકા માટે અત્યંત સંવેદનશીલ છે અને મોટા ભૂકંપની પ્રબળ સંભાવના હંમેશા રહે છે. તેમણે દાવો કર્યો હતો કે ભાવિ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર સાત કે તેથી વધુ હોઈ શકે છે. પોલે જણાવ્યું હતું કે, તાણયુકત ઊર્જાના પ્રકાશન અથવા ભૂકંપની આગાહી કરી શકાતી નથી. કોઈને ખબર નથી કે તે ક્યારે બનશે. તે બીજી ક્ષણે, પછીના મહિને અથવા ૧૦૦ વર્ષ પછી થઈ શકે છે. ૧૮૯૭માં શિલોંગમાં, ૧૯૦૫માં કાંગડામાં, ૧૯૩૪માં બિહાર-નેપાળમાં અને ૧૯૫૦માં આસામમાં આવેલા આંચકા સહિત હિમાલયના પ્રદેશમાં છેલ્લા ૧૫૦ વર્ષોમાં ચાર મોટા ભૂકંપ નોંધાયા હતા. માહિતી હોવા છતાં, ભૂકંપની આવર્તન વિશે કશું કહી શકાય નહીં. ઉત્તરકાશીમાં ૧૯૯૧માં ભૂકંપ આવ્યો, ત્યારબાદ ૧૯૯૯માં ચમોલીમાં અને ૨૦૧૫માં નેપાળમાં એક ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની તેમની અણધારીતાને કારણે ડરવાને બદલે, તેમની સાથે વધુ સારી રીતે વ્યવહાર કરવા અને જીવન અને સંપત્તિને જે નુકસાન થઈ શકે છે તે ઘટાડવા માટે તૈયાર રહેવું એ મહત્ત્વપૂર્ણ છે. બાંધકામો ભૂકંપ પ્રતિરોધક હોવા જોઈએ, લોકોને ધરતીકંપ પહેલા, તેમની ઘટના સમયે અને તે બન્યા પછી તૈયારીઓ દ્વારા શું કરી શકાય તે અંગે લોકોને જાગૃત કરવા જોઈએ. દર વર્ષે ઓછામાં ઓછા એક વખત મોક ડ્રીલ યોજવી જોઈએ, જો આ કરવામાં આવે તો ભૂકંપથી થતા નુકસાનને ૯૯.૯૯ ટકા ઘટાડી શકાય છે.

## માળિયાના રણ વિસ્તારમાં ભર શિયાળે અગરિયાઓને પાણી માટે રઝળપાટ

મોરબી, તા.૧૨

માળિયાના રણ વિસ્તારમાં પાણીના સાસા સર્જાતા અગરિયાઓને પાણી માટે રીતસર વલખા મારવા પડી રહ્યા છે. રણ વિસ્તારમાં પાણીની કારમી અછત છે. માળિયાના રણ વિસ્તારમાં મીઠું પકવવાની કાળી મજૂરી કરતા અગરિયાઓને કાયમ મીઠા પાણી કાયમ પરોજણ રહે છે. હાલ પણ ભર શિયાળે રણ વિસ્તારમાં પાણીની કારમી અછત સર્જાઈ છે. આથી અગરિયાઓને મીઠા પાણી મેળવવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આથી થોડા સમય પહેલા અગરિયા હિત રક્ષક મંચ દ્વારા મોરબી પાણી પુરવઠા વિભાગના અધિકારીને લેખિત રજૂઆત કરીને તાત્કાલિક ધોરણે માળિયાના રણ વિસ્તારમાં અગરિયાઓના પીવાના પાણી માટે ટેન્કરો ચાલુ કરવાની માંગ કરી હતી. પરંતુ આજ દિન સુધી પાણીના ટેન્કર ચાલુ કરાયા નથી. હાલ રણ વિસ્તારમાં પાણી ગંભીર કટોકટી હોવાથી ફરીથી પાણીના ટેન્કર ચાલુ કરવાની તેઓએ માંગણી દોહરાવી છે.

# ભારતમાં વૈશ્વિક સ્તરે સૌથી વધુ દર વર્ષે ૬૪,૦૦૦થી વધુ લોકો સર્પદંશથી મૃત્યું પામે છે

કોલકતા તા.૧૨

સુલેખાસાસમલને તે દિવસ યાદ છે જ્યારે તેની ૧૦ વર્ષની પુત્રી તેની સામે મૃત્યુ પામી હતી, પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનીપુર જિલ્લાના નબીનમનુઆ ગામમાં તેના માતા-પિતાના મકાનમાં સૂતી હતી, જ્યારે એક કલાકના ગાળામાં તેને બે વાર સાપે ડંખ માર્યો હતો. સુતાપાના માતા-પિતાએ એક સંબંધીની કાર ઉધાર લીધી અને તેને તેમના ગામથી એક કલાક દૂર નજીકની જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા. સુતાપા જેવા કેસને હેન્ડલ ન કરી શકે તેમ હોવાથી જિલ્લા હોસ્પિટલે તેણીને ત્રણ કલાકના અંતરે આવેલા સૌથી મોટા શહેર કોલકાતામાં લઈ જવાની સલાહ આપી, જ્યાં તેણીને જરૂરી સારવાર મળશે. પરંતુ એમ્બ્યુલન્સ કોલકાતામાં હોસ્પિટલના દરવાજે પહોંચવાની તૈયારીમાં જ હતી કે સુપાતાનું મૃત્યુ થયું.

જ્યોર્જિયા ઈન્સ્ટિટ્યૂટ ફોર ગ્લોબલ હેલ્થના જાહેર આરોગ્ય નિષ્ણાંત ડૉ. સૌમ્યદીપ ભૌમિક કહેછે કે, ૨૨ દેશોના સંશોધકોના જૂથ દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના અભ્યાસ મુજબ, દર વર્ષે ૬૪,૦૦૦થી વધુ લોકોના મૃત્યુ સાથે વૈશ્વિક સર્પદંશથી થતા મૃત્યુમાં ભારતમાં લગભગ ૮૦% હિસ્સો છે. અભ્યાસ દર્શાવે છે કે ઉત્તરપ્રદેશ, ત્યારબાદ મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં સૌથી વધુ મૃત્યુનોંધાયા છે. પરંતુ નિષ્ણાતો કહે છે કે બિન-રિપોર્ટ થયેલા કેસોને કારણે વાસ્તવિક સંખ્યા વધુ હોવાની સંભાવના છે. પશ્ચિમ બંગાળમાં પણ સર્પદંશને કારણે મૃત્યુનું પ્રમાણ ઘણું વધારે છે, પરંતુ તે હોસ્પિટલોમાં નોંધાતા નથી અને તેથી સત્તાવાર સૂચિમાં સ્થાન નથી.

બે અઠવાડિયા પહેલા, ૧૯ ઓક્ટોબરના રોજ, ભારતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ડાયરેક્ટોરેટ જનરલ ઑફ હેલ્થ સર્વિસે, દેશભરમાં નેશનલ હેલ્થ મિશનની રાજ્ય કચેરીઓમાં સર્વેલન્સ અધિકારીઓ અને મિશન ડિરેક્ટરોને નોટિસ મોકલી, કચેરીઓને નોડલની નિમણૂંક કરવાનો નિર્દેશ આપ્યો. દરેક રાજયમાં અધિકારી કેન્દ્ર સરકારના સર્પદંશ નિવારણ અને નિયંત્રણ કાર્યક્રમના અમલની દેખરેખ રાખશે. આ કાર્યક્રમ હેઠળ, ભારત સરકારે દરેક રાજ્યમાં સર્પદંશની સારવાર માટેની તાલીમ માટે ભંડોળ પણ ફાળવ્યું છે. દાયકાઓથી, સર્પદંશ એ ગંભીર ઉષ્ણકટિબંધીય આરોગ્ય સમસ્યા છે અને વૈશ્વિક દક્ષિણના ઘણા દેશોમાં ઉપેક્ષિત જાહેર આરોગ્ય રોગ છે. પરંતુ ભારતમાં, તે હજી પણ નોંધનીય રોગ તરીકે વર્ગીકૃત થયેલ નથી. તેનો અર્થ એ છે કે, દેશમાં તેનો વ્યાપ હોવા છતાં, તેને સત્તાવાર રીતે એવો રોગ માનવામાં આવતો નથી કે જેની જાણ સરકારી સત્તાવાળાઓને કરવામાં આવે તે કાયદા દ્વારા જરૂરી છે. ડૉ. મજુમદાર કહે છે કે દેશમાં મેલેરિયા સામે સરકાર કેવી રીતે લડે છે તેની સરખામણીમાં આ મુદ્દો કેટલો ઉપેક્ષિત છે તે સમજવું સરળ છે. દેશમાં મેલેરિયાથી થતા મૃત્યુને જુઓ. તેઓ ભારતમાં સર્પદંશને કારણે થતા મૃત્યુની સંખ્યાના ૧/૧૦મા ભાગના છે, પરંતુ મેલેરિયા માટે, દરેક સ્તરે આંકડા અને સારવાર યોજનાઓ ઉપર દેખરેખ રાખતા સરકારી અધિકારીઓ છે.

ડૉ. મજુમદાર અને નિષ્ણાતોના જૂથે, કેટલીક બિન-સરકારી સંસ્થાઓ સાથે મળીને, કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ સર્પદંશ નિવારણનો સમાવેશ કરવા માટે સૌપ્રથમ પત્ર લખ્યાના એક દાયકા પછી, આ ગયા મહિને, નવી દિલ્હીએ આખરે તેને મંજૂરી આપી છે. નિષ્ણાંતો કહે છે કે ભારતમાં જાહેર આરોગ્યના મુખ્ય મુદ્દા તરીકે સર્પદંશ પર ઉપેક્ષા અને ધ્યાનનો અભાવ એ પીડિતોની સામાજિક આર્થિક પૃષ્ઠભૂમિને કારણે છે. તે ગરીબ વ્યક્તિનો રોગ અથવા ગ્રામીણ સમસ્યા માનવામાં આવે છે. જે લોકોને સાપ કરડે છે તેઓ સામાન્ય રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો, ગ્રામીણ પૃષ્ઠભૂમિ, સ્ત્રીઓ અને બાળકોના હોય છે. ડૉ. મજુમદાર કહે છે કે ભારતમાં ડેન્ગ્યુ અને અન્ય સમાન જાહેર આરોગ્ય સમસ્યાઓ તરફ ધ્યાન દોરવાનું એક કારણ એ છે કે તે દેશની શહેરી વસ્તીને પણ અસર કરે છે. શહેરોમાં, જ્યારે ડેન્ગ્યુના કારણે એક પણ મૃત્યુ થાય છે ત્યારે લોકો હંગામો મચાવે છે. પરંતુ બંગાળના આંતરિક ભાગોમાં જાઓ અને તમે જોશો કે સાપ કરડવાથી કેટલા મૃત્યુ થાય છે, પરંતુ આ પીડિતો માટે કોઈ જાહેર આક્રોશ નથી. પશ્ચિમ બંગાળમાં દર મહિને ૪૦૦-૫૦૦ લોકોના મૃત્યુ થાય છે.

ભારતમાં મોટાભાગના સાપના કરડવાની ઘટના બિન-ઝેરી સાપ દ્વારા થાય છે કારણ કે તેમની સંખ્યા ઝેરી સાપ કરતા વધારે છે. પરંપરાગત ઉપચાર કરનારાઓ ઉપરના અવલંબનને લીધે ગ્રામજનો તેમના ઉપર વિશ્વાસ રાખે છે. તમે ઓઝાના ઘરે દિવસ કે રાત ગમે તે સમયે જાવ, પછી ભલે તેની ટેકનિક અસરકારક હોય કે ન હોય, તે તમને સારવાર આપશે, તેથી સમુદાય માટે નિર્ભરતા મહત્ત્વપૂર્ણ છે. ઓઝાને સર્પદંશની સારવાર વિષે કોઈ જાણકારી નથી. ડૉ. મધુસુદન ભૌમિક પશ્ચિમ મેદિનીપુરની ઘાટલ સબ ડિવિઝનલ હોસ્પિટલમાં ત્રણ દાયકાથી વધુ સમયથી સાપ કરડવાના દર્દીઓની સારવાર કરી રહ્યા છે. તેઓ કહે છે કે, સાપ કરડવાની ઘટનાને ઘણા લોકો ગંભીરતાથી લેતા નથી. ગ્રામીણ ભાગોમાં, લોકો માને છે કે તેઓ વિવિધ સાપની પ્રજાતિઓને ઓળખે છે અને પછી સ્વ-નિદાન કરે છે કે જે સાપ તેમને કરડ્યો હતો તે ઝેરી નથી અને તેથી તેને તબીબી સારવારની જરૂર નથી, પરિણામે તબીબી જટિલતાઓ ઊભી થાય છે, આ જાગૃતિનો અભાવ છે. જ્યારે સારવારની જરૂર હોય, ત્યારે તેઓ પરંપરાગત ઉપચારને પસંદ કરે છે. જોકે હવે જાગરૂકતા વધી રહી છે, ખાસ કરીને મોટા ગામડાઓ અને નગરોમાં, સ્થાનિક હોસ્પિટલોમાં આવતા દર્દીઓને પૂરતી તબીબી સહાય મળી શકતી નથી. અમારી પાસે સાપના ડંખની સારવાર માટે જરૂરી ડાયાલિસિસ અને વેન્ટિલેશન મશીનો નથી. કેટલાક કિસ્સાઓમાં, દર્દીઓને ડાયાલિસિસ મશીનો અને સઘન સંભાળ એકમોની જરૂર હોય છે. જિલ્લા અને પેટાવિભાગની હોસ્પિટલોમાં સારવાર માટે જરૂરી તબીબી સાધનો નથી, દર્દીઓને મોટા શહેરી કેન્દ્રોની હોસ્પિટલોમાં જવાની ફરજ પડે છે. અમારે તેમને કોલકાતા મોકલવા પડે છે અને ઘણાના રસ્તામાં જ મૃત્યુ થાય છે. એવું નથી કે ભારત સરકારે કંઈ કર્યું નથી, હવે, દરેક ગ્રામ્ય-સ્તરના આરોગ્ય કેન્દ્રમાં સાપ વિરોધી ઝેર (ASV) છે, જે સારવારનો પ્રથમ તબક્કો છે, જે પહેલાં ગ્રામીણ ભારતમાં સરળતાથી ઉપલબ્ધ ન હતું. પરંતુ સાપ વિરોધી ઝેર પૂરતું નથી. અન્ય સાધનોની પણ જરૂર પડે છે.



સાપના ડંખની સારવારના ક્ષેત્રમાં, સાપની પ્રજાતિઓ જે તબીબી મહત્ત્વ ધરાવે છે તે એવી છે કે જેઓ બાંધેલા વાતાવરણમાં રહે છે, અથવા એવા વાતાવરણમાં જ્યાં લોકો રહે છે અને જીવે છે. સેન્ટ્રા કહે છે કે, સાપનો ડંખ જેને તબીબી સારવારની જરૂર પડશે તેને આપણે તબીબી રીતે નોંધપાત્ર પ્રજાતિ ગણીએ છીએ. કેટલાંક વર્ષો પહેલા, સરકારી અને શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ હતી, જેને 'મોટા ચાર તબીબી રીતે નોંધપાત્ર સાપ' કહેવામાં આવે છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, આ સિદ્ધાંત દાવો કરે છે કે દક્ષિણ એશિયામાં સાપની ચાર પ્રજાતિઓ - રસેલ વાઈપર, સો-સ્કેલ્ડ વાઈપર કોબ્રા અને સામાન્ય ક્રેટ - આ પ્રદેશમાં લોકોને સૌથી વધુ કરડે છે. પરંતુ આ કોઈ વૈજ્ઞાનિક રીતે યોગ્ય દલીલ ન હતી, કારણ કે ઉત્તરપૂર્વ ભારતમાં, પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાથી શરૂ કરીને, આ પ્રજાતિઓ નથી. નિષ્ણાંતો કહે છે કે, સાપના કરડવાથી સામનો કરવા માટે એકશન પ્લાન બનાવતી વખતે પ્રજાતિઓના વિતરણ અને આનુવંશિક વિવિધતા ઉપર ધ્યાનનો અભાવ, નિયંત્રણ કાર્યક્રમોને નિરર્થક બનાવે છે. સર્પના કરડવાથી મૃત્યુની સૌથી વધુ સંખ્યા ધરાવતો દેશ હોવા છતાં, ભારતમાં આ તબીબી સમસ્યાની સારવાર માટે કોઈ શૈક્ષણિક વિશેષતા નથી. ડોકટરોએ જણાવ્યું હતું કે, એમબીબીએસ અભ્યાસક્રમના ચોથા સેમેસ્ટરમાં, વિદ્યાર્થીઓ ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિનોલોજી ઉપર એક પુસ્તક વાંચે છે અને તેમાં પ્રાણીઓના ડંખ અને ઝેરનું એક પ્રકરણ છે. તેમાં, તબીબી વિદ્યાર્થીઓ માટે આપવામાં આવતી માહિતીનું પ્રમાણ ઓછું છે. જે વ્યક્તિએ તે અભ્યાસક્રમનો અભ્યાસ કર્યો છે અને ગ્રામીણ હોસ્પિટલમાં પોસ્ટ કરવામાં આવ્યો છે તેને સર્પદંશના દર્દીનું શું કરવું તે વિષે કોઈ ખ્યાલ હશે નહીં. તેથી આ ડોકટરો કહેશે કે, 'અમારી પાસે વેન્ટિલેટર મશીન નથી' અને દર્દીને શહેરી હોસ્પિટલમાં લઈ જવામાં આવશે. આગળ શું થાય છે તે ટ્રાયલ અને એરર પ્રક્રિયા છે અને ટ્રાન્ઝિટમાં મોટી સંખ્યામાં દર્દીઓ મૃત્યુ પામે છે. આ સમસ્યાને આઝાદીના સાત દાયકામાં દેશમાં તેને કોઈ અર્થપૂર્ણ રીતે સંબોધવામાં આવી નથી.

# માંગરોળ-માળીયા વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર બાબુભાઈ વાજાએ ફોર્મ ભર્યુ

## બાબુભાઈનો ઉત્સાહ વધારવા માંગરોળ મામલતદાર કચેરીએ સમર્થકોનો જમાવડો





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૧૨

૮૯-માંગરોળ માળિયા વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના બાબુભાઈ વાજાએ ઉમેદવારી ફોર્મ ભર્યું. મોડી રાત્રે કોંગ્રેસની પ્રથમ યાદીમાં માંગરોળ-માળીયા બેઠક ઉપર ધારાસભ્ય બાબુભાઈ વાજાનું નામ જાહેર થતા આજે બપોરે ત્રણ વાગ્યે હજારો સમર્થકો સાથે બાબુભાઈ વાજાએ માંગરોળ મામલતદાર કચેરીએ ચૂંટણી અધિકારી સમક્ષ પોતાની ઉમેદવારીનું ફોર્મ સબમીટ કર્યું હતું. આ તકે મિડિયા સમક્ષ વાત બાબુભાઈએ એવો દાવો કર્યો હતો કે, આ બેઠક ઉપરથી તેઓ હિન્દુ-મુસ્લિમ તમામ સમાજના સહકારથી જંગી બહુમતીથી ચૂંટાઈને હેટ્રિક કરશે અને રાજ્યમાં પણ ૧૨૫ સીટો સાથે કોંગ્રેસ સંપૂર્ણ બહુમતીથી સરકાર બનાવશે. ભાજપ સરકારે પ્રજાની ખેવના જ કરી નથી. એમના ખાસ બે ચાર લોકોને ધ્યાનમાં રાખીને સરકાર ચાલે છે. આપણા દેશમાં નોટબંધીથી અધોગતિ થઈ છે. આજે પ્રજા બેકારી અને મોંઘવારીથી ત્રસ્ત થઈ ગઈ છે. આપણી સરકાર આવશે એટલે ગબ્બરસિંગ ટેક્સ (GST) માં પણ ફેરફાર કરશે એટલે મોંઘવારી બેરોજગારી કાબુમાં આવશે.

બાબુભાઈના ઉમેદવારી ફોર્મ ભરવા માટે માંગરોળ માળિયા અને ચોરવાડ ગડુથી દરેક જ્ઞાતિ અને સમાજના સમર્થકો સાથે રહ્યા હતા. જીલ્લા પ્રમુખ ભરતભાઈ અમીપરા, વલીમુહમ્મદ સીડા, માંગરોળ મુસ્લિમ સમાજમાંથી ખડીયાબાપુ દરબાર, ઈબ્રાહીમ ભાભા, ઈબ્રાહીમ પડાયા, હાજીભાઈ જેઠવા, ફરીદભાઈ આઈબાણી , આહમદભાઈ સોલંકી, આદમભાઈ ખિલચી, તેમજ કાનાભાઈ રામ, બાલુભાઈ રબારી, લાલુભાઈ મકવાણાં, મુળુભાઈ સકરાણા, ભીખુભાઈ આરેણા, ફરીદભાઈ કાદુ, ગોવિંદ ઓળેદરા, નાથાભાઈ ઢેલાણા, ભિખાભાઈ પંડિત ચોરવાડ, ચિનાભાઈ ચુડાસમા, જગતમામા દોશી, ઈસ્માઈલ લાખા માલદેભાઈ પીઠયા, વિજયસિંહ બારડ, સહિતના માંગરોળ, માળિયા ગડુ અને ચોરવાડથી અનેક સરપંચો, તાલુકા પંચાયતના સભ્યો, આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની શાળા – કોલેજોમાં સંકલ્પ પત્ર અને સંદેશા પત્રનું વિતરણ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૨

રાજયમાં વિધાનસભા સામાન્ય ચુંટણી - ૨૦૨૨ની ભારતના ચુંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧ ડિસેમ્બરના રોજ મતદાન થનાર છે. લોકશાહીના આ અવસરમાં લોકો ભાગીદાર થાય અને લોકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર સતત કાર્યરત છે. ત્યારે આજરોજ યુવા મતદારો મતદાન કરે અને અન્ય લોકોને પણ મતદાન કરવા માટે પ્રેરણા પૂરી પાડે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી-બિનસરકારી તેમજ ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક /માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓમાં સંકલ્પ પત્ર વિતરણ કરાવી, શાળાના વિદ્યાર્થીઓ મારફત તેમના વાલીઓ પાસે અવશ્ય મતદાન કરે તે બાબતનો સંકલ્પ કરાવી, સંકલ્પ પત્ર ઉપર વાલીની સહી મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તથા નગરપાલિકા વિસ્તારની સરકારી-બિનસરકારી તેમજ ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક / માધ્યમિક શાળાઓ/ કોલેજોમાં 'સંદેશાપત્ર' નું વિતરણ શરૂ કરાવવામાં આવ્યું હતું.

ખંભાળિયા ખાતેની નર્સિંગ કોલેજ, આઈ.ટી.આઈ. ખંભાળિયા, આઈ.ટી.આઈ. દ્વારકા, કલ્યાણપુર આઈ.ટી.આઈ., શારદાપીઠ કોલેજ, દ્વારકા, કલ્યાણપુરના નંદાણા ખાતે આવેલ આર.એસ. કંડોરિયા આર્ટ્સ એન્ડ સાયન્સ સહિતની કોલેજોમાં સંકલ્પ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અને વાલીઓ પણ મતદાન કરી અને લોકશાહીના આ પર્વમાં ભાગીદાર થાય તે માટે જણાવ્યું હતું.

# કોડીનાર વેરાવળ હાઈવે ઉપર ટ્રક અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા વેરાવળના બે મુસ્લિમ યુવાનોના કરૂણ મૃત્યુ

(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૨

કોડીનાર વેરાવળ હાઈવે ઉપર ગઈકાલે સાંજના સમયે એક ઓટો રીક્ષા તથા ટ્રક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં રીક્ષામાં બેસેલા વેરાવળના બે મુસ્લિમ યુવાનના મૃત્યુ થયા છે. અકસ્માત સર્જી ટ્રક ચાલક નાસી ગયો છે જયારે મૃતક યુવાનને પી.એમ. માટે કોડીનાર સરકારી દવાખાને ખસેડાયા છે. કોડીનાર વેરાવળ હાઈવે ઉપર પ્રાસલી ગામ નજીક આવેલ જલારામ હોટલ પાસે ગઈકાલે સાંજના સમયે થયેલ અકસ્માતમાં અંદાજે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના બંને યુવાનોના કરૂણ મૃત્યુ થયા છે. પ્રાથમિક તપાસમાં આ વેરાવળના સિરાજભાઈ અહમદભાઈ તથા નદીમભાઈ હોવાનું જાણવા મળે છે. જેમની ઓળખના આધારે તેમના સગા સંબંધીને જાણ કરવામાં આવી છે. તેમના પરિજનો આવ્યા બાદ પોલીસ ફરીયાદની તજવીજ હાથ ધરાશે. આ યુવાનોના મૃતદેહને કોડીનાર સરકારી દવાખાને લઈ આવતા આ બનાવની જાણ કોડીનાર મુસ્લિમ સમાજના લોકોને થતાં યુવા અગ્રણી અવેશબાપુ કાદરી સહિતના લોકો સરકારી દવાખાને પોહોંચ્યા હતા.

## ભ્રામક જાહેરાતોને ટાંકીને પગલાં લેવામાં આવ્યા

# પતંજલિની પાંચ દવાઓનું ઉત્પાદન બંધ કરવા ઉત્તરાખંડ સરકારનો આદેશ

## આદેશની સામે યોગ ગુરૂ બાબા રામદેવે આયુર્વેદ વિરોધી ડ્રગ માફિયા ઉપર ષડયંત્ર રચવાનો આરોપ લગાવ્યો

દહેરાદૂન, તા.૧૨

ભ્રામક જાહેરાતોને ટાંકીને, આયુર્વેદ અને યુનાની લાઈસન્સિંગ ઓથોરિટી, ઉત્તરાખંડે પતંજલિ ઉત્પાદનો બનાવતી દિવ્યા ફાર્મસીને પાંચ દવાઓનું ઉત્પાદન બંધ કરવા જણાવ્યું છે. વિરોધમાં, યોગ ગુરુ બાબા રામદેવે 'આયુર્વેદ વિરોધી ડ્રગ માફિયા'પર ષડયંત્ર રચવાનો આરોપ લગાવ્યો છે. કંપનીએ કહ્યું કે તેને અખબારના અહેવાલમાં આપવામાં આવેલા આદેશની નકલ મળી નથી, પરંતુ "આયુર્વેદ વિરોધી ડ્રગ માફિયાઓની સંડોવણી સ્પષ્ટ છે."

એક નિવેદનમાં, કંપનીએ જણાવ્યું હતું કે, પતંજલિ દ્વારા બનાવવામાં આવેલ તમામ ઉત્પાદનો અને દવાઓ આયુર્વેદ પરંપરામાં ૫૦૦ થી વધુ વૈજ્ઞાનિકોની મદદથી બનાવવામાં આવે છે, જે તમામ વૈધાનિક પ્રક્રિયાઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરીને, નિર્ધારિત ધોરણોને અનુસરીને ઉચ્ચતમ સંશોધન અને ગુણવત્તા ધરાવે છે. ૯.૧૧.૨૦૨૨ ના રોજ આયુર્વેદ અને યુનાની સેવા ઉત્તરાખંડ દ્વારા પ્રાયોજિત રીતે ષડયંત્રમાં લખાયેલ અને મીડિયામાં પ્રસારિત કરવામાં આવેલો પત્ર અત્યાર સુધી પતંજલિ સંસ્થાનને કોઈપણ સ્વરૂપમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો નથી.

કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે, અથવા તો વિભાગે પોતાની ભૂલ સુધારવી જોઈએ અને આ ષડયંત્રમાં સામેલ વ્યક્તિ સામે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ, અન્યથા સંસ્થા પતંજલિને થયેલા સંસ્થાકીય નુકસાન માટે વળતર સહિત આ ષડયંત્ર માટે જવાબદાર વ્યકિતઓને સજા કરવા કાયદાકીય કાર્યવાહી કરશે.' ગુરૂવારે કેટલાક અખબારોના અહેવાલોમાં જણાવાયું છે કે ઉત્તરાખંડ ઓથોરિટીએ રામદેવની પતંજલિ આયુર્વેદને કંપનીએ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ગોઈટર, ગ્લુકોમા અને ઉચ્ચ કોલેસ્ટ્રોલની સારવાર માટે પ્રમોટ કરેલા પાંચ ઉત્પાદનોનું ઉત્પાદન બંધ કરવા જણાવ્યું છે. એક અહેવાલ અનુસાર, ઉત્તરાખંડના દેહરાદૂનમાં આયુર્વેદ અને યુનાની લાયસન્સિંગ ઓથોરિટીએ દિવ્યા ફાર્મસીને મધુગ્રિટ, ઈગ્રિટ, થાઈરોગ્રિટ, બીપીગ્રિટ અને લિપિડોમનું ઉત્પાદન બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ઉત્તરાખંડ આયુર્વેદિક અને યુનાની સેવાઓના લાયસન્સિંગ અધિકારી ડૉ. જીસીએસ જંગપાંગીએ આદેશ જારી કર્યો હતો અને પતંજલિ પર ભ્રામક જાહેરાતોનો આરોપ લગાવ્યો હતો. આ કાર્યવાહી કેરળ સ્થિત નેત્ર ચિકિત્સક કે.વી. બાબુ દ્વારા જુલાઈમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર આધારિત છે. કેવી બાબુએ ૧૧ ઓક્ટોબરના રોજ ઈમેલ દ્વારા સ્ટેટ લાયસન્સિંગ ઓથોરિટી (એસએએલ)ને બીજી ફરિયાદ મોકલી હતી.

# ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રાજદેવસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને ચૂંટણીની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

## એમ.સી.સી, ઈવીએમ/વીવીપેટ મેનેજમેન્ટ, એમ.સી.એમ.સી, સ્વીપ એક્ટિવીટી, માઈગ્રેટ ઈલેક્ટર્સ જેવી જુદી જુદી કામગીરી અંગે જવાબદાર શીર્ષ નોડલ અધિકારીઓની થઈ કામગીરી સમીક્ષા



વેરાવળ તા. ૧૨

ગીર સોમનાથ જિલ્લાની ચાર વિધાનસભા મતદાર વિભાગ માટે તા.૧-૧૨-૨૨ના રોજ મતદાન યોજાશે. જેને અનુલક્ષી સુચારૂ અને સુવ્યવસ્થિત રીતે વિધાનસભા સામાન્ય ચૂંટણીનું આયોજન થાય તે માટે ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રાજદેવસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, ઈણાજ ખાતે ચૂંટણીની વ્યવસ્થાઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નોડલ ઓફિસરની કામગીરીની સમીક્ષા થઈ હતી અને તમામને મહત્વની સૂચનાઓ આપી માર્ગદર્શિત કરાયા હતા.

આ સમીક્ષા બેઠકમાં ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, ટ્રેનિંગ મેનેજમેન્ટ, એસ.એમ.એસ મોનિટરિંગ એફએસટી, એસેસટી, હેલ્પલાઈન અને ફરિયાદનિવારણ, એમ.સી.સી, ઈવીએમ/વીવીપેટ મેનેજમેન્ટ, એમ.સી.એમ.સી, સ્વીપ એક્ટિવીટી, માઈગ્રેટ ઈલેક્ટર્સ, જેવી જુદી જુદી કામગીરી અંગે જવાબદાર શીર્ષ નોડલ અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

ચૂંટણીની કામગીરી પારદર્શક, સરળતાપૂર્વક અને અસરકારક રીતે પાર પડે તે માટે જિલ્લાના વર્ગ-૧ અને વર્ગ-૨ કક્ષાના અધિકારીઓની નોડલ/સહનોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તુષાર જાની, એકસપેન્ડીચર મોનીટરિંગ નોડલ અધિકારી રવિન્દ્ર ખતાલે, મોડલ કોડ ઓફ કન્ડકટ નોડલ અધિકારી વાય.ડી.શ્રીવાસ્તવ, કાયદો અને વ્યવસ્થા અધિકારી મનોહરસિંહ જાડેજા, મેનપાવર મેનેજમેન્ટ નોડલ અધિકારી અધિક કલેકટર બી.વી. લિંબાસિયાએ વિવિધ નોડલ અધિકારીઓ સાથે ચૂંટણી અંગે પરામર્શ કરી મહત્વના ચૂંટણીલક્ષી મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું.

## રાજ્યમાં ચૂંટણીનો જોરદાર ધમધમાટ

# રાજકોટમાં ટિકિટ ફાળવણીથી વધુ એક સમાજ નારાજ થયો

## રાજકોટ પશ્ચિમ બેઠક પર રઘુવંશીને સ્થાન ન અપાતા કચવાટ ઉભો થયો અને રઘુવંશી સમાજે ભાજપ સામે નારાજગી

રાજકોટ, તા.૧૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો ધમધામટ ચાલી રહ્યો છે. બીજેપીએ ગઈ કાલે ભાજપે બન્ને તબક્કાની ચૂંટણી માટેના ૧૬૦ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. બાજેપીએ ઉમેદવારોનું પ્રથમ લીસ્ટ જાહેર કરતાં જ કેટલીક સીટો પર નારાજગી સામે આવવા લાગી છે. રાજકોટમાં વધુ એક સમાજ ભાજપથી નારાજ થયો છે.

રાજકોટમાં ભાજપના ઉમેદવાર સિલેકશનની નારાજગી જોવા મળી છે. રાજકોટ પશ્ચિમ બેઠક પર રઘુવંશીને સ્થાન ન અપાતા કચવાટ ઉભો થયો અને રઘુવંશી સમાજે ભાજપ સામે નારાજગી વ્યક્ત કરી છે. રઘુવંશી સમાજે સોશિયલ મીડિયામાં ભઆજપ સામે રોષ વ્યકત કર્યો છે. રાજકોટ પશ્ચિમ બેઠક પર ભઆજપ શહેર પ્રમુખ કમલેશ મીરાણીની પસંદગી નિશ્ચિત હતી ત્યારે અંતે ઉમેદવારની યાદીમાં દર્શિતા શાહનું નામ આવતા રઘુવંશી સમાજ ભારે રોષે ભરાયો છે. ગુજરાતમાં ચૂંટણીનો રસાકસી ભર્યો જંગ જામ્યો છે. ત્યારે આગામી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ઉમદવારોની યાદી જાહેર કરી દીધી છે ત્યારે સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટમાં ભાજપે મંત્રી રૈયાણી સહિત તમામ એમએલએની બાદબાકી કરી નવા ચહેરાઓને ટીકીટ આપી છે. બીજી તરફ જે ઉમેદવારોએ સમાજના નામે ટિકિટની માંગ કરી હતી તેમને ટિકિટ ન મળતા રોષે ભરાયા છે. ભાજપના જુના અગ્રણી અને આપાગીગા ઓટલાના મહંત નરેન્દ્ર બાપુ સોલંકી નો વિરોધ યથાવત છે. રાજકોટ શહેર ભઆજપના આગેવાન સામે નરેન્દ્ર સોલંકીએ ભારે આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ દક્ષિણ બેઠક પર વિશ્વકર્મા સમાજ ની અવગણના ભારે પડશે. નરેન્દ્ર બાપુ આજે રાત્રે સોશિયલ મીડિયા પર લાઈવ થશે.

નરેન્દ્ર બાપુ અપક્ષ તરીકે દક્ષિણ બેઠકમાં ઉતરશે. ભાજપે સાધુ સંતોને પણ ટિકીટ નથી આપી તેમનો પણ રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. રાજકોટની દક્ષિણ બેઠક પર ભાજપે ગોવિંદ પટેલનું પત્તુ કાપી રમેશ ટિલાળાને ટિકીટ આપી છે.

# પટેલ સોલ્ટના સૌજન્યથી ગ્રીનસીટી દ્વારા ૪૧ વૃક્ષોનું વૃક્ષારોપણ



(પંકજ ઝીબા દ્વારા)

ભાવનગર તા. ૧૨

ગઈકાલે પીલગાર્ડન, ચપાનાવાડી રોડ ઉપર ૨૫ ટીકોમાના વૃક્ષો તથા જશોનાથ સર્કલ અ મોતીબાગ રોડ ઉપર ૧૬ લીમડાના વૃક્ષોનું વૃક્ષારોપણ પટેલ સોલ્ટના સૌજન્યથી કરવામાં આવ્યું હતું. ગ્રીનસીટીના નવા વર્ષના વૃક્ષારોપણનો પ્રારંભ ૪૧ વૃક્ષોના વૃક્ષારોપણ સાથે થયો હતો. આ વૃક્ષારોપણ પટેલ સોલ્ટના બિપીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રીનસીટીના પ્રણેતા દેવેનભાઈ શેઠ, ટ્રસ્ટી અચ્યુતભાઈ મહેતા તથા પિયુષભાઈ વ્યાસ સહિતના ગ્રીનસીટીના સભ્યો હાજર રહયા હતા.

# ઉના શહેરમાં ડમ્પર ચાલકે વૃધ્ધ મહિલાનો હડફેટે લેતા મૃત્યુ

ઉના તા. ૧૨

ઉના શહેરમાં નવી હવેલી પાસે રહેતા વૃધ્ધ મહિલા વસંતાબેન અનંતરાય દેશાવલ (ઉ.વ.૭૦) ચાલીને જતા હતા ત્યારે ત્રિકોણ બાગ તરફથી આવતા ડમ્પરના ચાલકે હડફેટે લેતા ઘટના સ્થળે વસંતાબેનનું મૃત્યુ થયેલ હતું. આ અંગે ઉના પોલીસમાં મૃતકના દિકરા જશવંતરાય અનંતરાય દેશાવલે ડમ્પર ચાલક સામે પોતાની માતાનું અકસ્માત કરી મૃત્યુ નીપજાવ્યા અંગેની ફરીયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસે ડમ્પર ચાલક સંજયભાઈ બાલાભાઈ ખાંટ, રહે.પરાણા,જી. મહિસાગરની અટક કરી ડમ્પર કબ્જે કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# સોમનાથ પ્રભાસ પાટણ પવિત્ર ત્રિવેણી સંગમમાં સ્નાન કરતા યાત્રિકનું હાર્ટએટેકથી મૃત્યુ

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૨

સોમનાથ-પ્રભાસ પાટણ ત્રવેણી સંગમ નદીમાં ગઈકાલે બપોરે ૩-૩૦ કલાકે સ્નાન કરી રહેલ કોલકત્તાના યાત્રિક નરેશચંદ્ર ગુપ્તા (ઉ.વ.૭૧) સ્નાન કરી રહયા હતા ત્યારે જ અચાનક ઢળી પડતા તેમને સેવાભાવી રીક્ષાચાલક આસીફભાઈ અલારખાએ પ્રભાસ પાટણ રેફરલ હોસ્પીટલ ખાતે ખસેડેલ જયાં તે યાત્રિકને મૃત જાહેર કરવામાં આવેલ હતો. એમ કહેવાય છે કે, તેઓ સબદર્શન ટ્રેનમાં તિર્થયાત્રાએ આવેલ હતા અને ત્રિવેણી નદીના મોરારજીઘાટ પાસે ન્હાય રહયા હતા ત્યારે પાણીમાં ડૂબકી લગાવી બહાર દેખાતા જ તેમનું અચાનક હાર્ટફેઈલની અસર જણાઈ હતી જેને અમન ચેરીટેબલ ટ્રસ્ટ વેરાવળના રીક્ષાચાલક આસીફભાઈએ તાત્કાલીક દવાખાનો ખસેડેલ હતા. જયાં ડોકટરે તેમને મૃત જાહેર કરેલ હતા. તેમના શબનું પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ છે અને બનાવની જાણ તેમના પરિવારને ફોન દ્વારા કરવામાં આવેલ છે. આ સમગ્ર બનાવની તપાસ પ્રભાસ પાટણ શિવ પોલીસ ચોકીના પીએસઆઈ બોદુભાઈ ભાલીયા ચલાવી

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લોકોને મતદાન કરવા પ્રેરતો અવસર રથ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૨

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨ સંદર્ભે અવસર લોકશાહીનો કેમ્પેઈન જાહેર કરવામાં આવેલ છે. આ કેમ્પેઈનનો મુખ્ય હેતુ મતદાર રજીસ્ટ્રેશન અને મતદાનનું પ્રમાણ વધારવાનો છે. સમાજનાં વિવિધ વર્ગોના લોકો સ્થળાંતરિત મતદારો તથા વંચિત મતદારોની ભાગીદારીથી ઉચ્ચ મતદાન થાય તથા વધુને વધુ લોકોમાં મતદાન જાગૃતિ જરૂરી છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૮૨ - દ્વારકા વિધાનસભા બેઠકના કલ્યાણપુર તાલુકામાં ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયેલ હોય તેવા વિસ્તારમાં અવસર રથ ફર્યો હતો. અને લોકોને લોકશાહીના આ અવસરમાં જોડાઈને મતદાન કરવા અંગે પ્રેરણા પૂરી પાડી હતી.

# ૮૮ કેશોદ વિધાનસભા મત વિસ્તારમાં ઉમેદવારોના નામ જાહેર થતાં રાજકારણ ગરમાયું

**કોઈ પાર્ટીથી તો કોઈ ઉમેદવારોના નામથી નારાજગી સાથે પાર્ટીને સાથ આપી રહ્યા છે તે ફાયદો કરાવશે કે નુકશાન ? કોંગ્રેસના સ્થાનિક ઉમેદવારોને ટીકીટ નહી મળે તો વિરોધ કરશું રાજીનામા આપશું કહેવાળાઓએ મૌન ધારણ કર્યું ? ભાજપના ઉમેદવાર ફોર્મ ભરવા સમયે સંગઠનના હોદેદારોની પાંખી હાજરી જોવા મળી ? પાર્ટીથી કે ઉમેદવારથી નારાજ ઉમેદવાર અપક્ષમાં ઉમેદવારી કરશે કે બીજા પાસે ઉમેદવારી કરાવશે ?**

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૧૨

૮૮ કેશોદ વિધાનસભા મત વિસ્તારમાં ઉમેદવારોના નામ જાહેર થતાની સાથે રાજકારણ ગરમાયું છે. વિધાનસભા ચૂંટણી લડવા દશ ડઝન જેટલા ઉમેદવારો થનગની રહ્યા હતા ત્યારે ટીકીટ ન મળવા નારાજગી થવી સ્વાભાવિક છે અને એ નારાજગી કોઈ ચતુર વ્યક્તિ જાહેરમાં ન દર્શાવી શકે પણ અંદરખાને નુકસાનકારક સાબિત થાય એવું માનવુંજ રહ્યું. ભાજપના ઉમેદવારનું નામ જાહેર થતાં કયાક ખુશી તો કયાક નારાજગી જોવા મળી રહી છે. ભાજપના અંદરોઅંદરની નારજગીના કારણે બે જુથ હોય તેવું અનુભવાઈ રહ્યું છે. ત્યારે સ્વાભાવિક છે કે, નારાજગી પણ વધુ હોય ભાજપના ઉમેદવાર દેવાભાઈ માલમની ઉમેદવાર પત્રાક રજુ કરવાના સમયે સંગઠનના હોદેદારો કાર્યકરોની પાંખી હાજરી જોવા મળી હતી. જ્યારે કોંગ્રેસમાં ઘણાં સમયથી સ્થાનિક અને આયાતી ઉમેદવારનો વાદ વિવાદ સર્જાયો હતો. ત્યારે કોંગ્રેસના હોદેદારોએ વિરોધ દર્શાવ્યો હતો અને રાજીનામા આપવા સહિતની ચિમકી ઉચ્ચારી હતી. જેમાં એકાદ બે હોદેદાર કાર્યકરોને બાદ કરતા મોટાભાગના હોદેદારો મૌન સેવી રહ્યા છે. જે મૌન કેવા પરિણામમાં પ્રવર્તતીત થશે એ તો આવનારો સમય જ બતાવશે પણ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર જાહેર થતાં રાજકારણ ગરમાયું છે. ત્યારે નારાજ થયેલ અપક્ષમાં ઉમેદવારી કરી નશીબ અજમાવશે તો કોઈ મનમાં નારાજગી લઈ પાર્ટી સાથે કામ કરશે ત્યારે અપક્ષમાંથી કેટલા ઉમેદવાર ઉમેદવારી નોંધાવે તે જોવાનું રહ્યું.

# મૂવી રીવ્યુ 'ઉંચાઇ' : દોસ્તી અને જીવનના ઉદ્દેશ્યને સમજવા માટે 'ઉંચાઇ' ફિલ્મ ખાસ જુઓ

(મુંબઈ બ્યુરો દ્વારા)

મુંબઈ તા.૧૨

દિગ્ગજ ફિલ્મકાર સૂરજ બડજાત્યાએ ફિલ્મ 'ઉંચાઈ'માં ચાર મિત્રોની એવી વાત રજૂ કરી છે જે દિલને સ્પર્શી જાય છે. દુનિયાને અલવિદા કહી ચૂકેલા મિત્રની એવરેસ્ટ પર પહોંચવાની અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે ત્રણ મિત્રની ટુકડી નીકળી પડે છે. આ મિત્રોના જીવનમાં ઘણાં પ્રશ્નો છે કે, જેનો જવાબ તેઓને આ સફર દરમ્યાન મળે છે. ફિલ્મમાં તેઓ આખરે એક નવી આશા અને નવો ખ્યાલ લઈને ઘરે પહોંચે છે. 'ઉંચાઈ' ફિલ્મમાં માઉન્ટ એવરેસ્ટ પહાડ ઉપર જવાની વાર્તા છે. જયારે વૃદ્ધ મિત્રો ભેગા મળીને માઉન્ટ એવરેસ્ટ ચડવાનું પ્લાનિંગ કરે છે તેની વાર્તા 'ઉંચાઈ' ફિલ્મમાં જોવા મળશે. 'ઉંચાઈ' ફિલ્મમાં એક્ટર અમિતાભ બચ્ચન, પરિણીતિ ચોપરા, અનુપમ ખેર, બોમન ઈરાની, ડેની, નીના ગુપ્તા અને સારિકા મુખ્ય રોલમાં જોવા મળશે. 'ઉંચાઈ'માં મ્યુઝિક અમિત ત્રિવેદીએ કમ્પોઝ કર્યું છે



જયારે રાજશ્રી પ્રોડક્શન્સે આ ફિલ્મ પ્રોડ્યુસ કરી છે. પ્રોડ્યુસર-ડિરેક્ટર સૂરજ બડજાત્યાએ ઘણાં વર્ષો બાદ 'ઉંચાઈ' ફિલ્મ બનાવી છે. આ ફિલ્મમાં પણ રાજશ્રી પ્રોડક્શન્સના પારિવારિક અને સાંસ્કૃતિક મૂલ્યો જોવા મળે છે. ત્યારે રસપ્રદ વાત એ છે કે ડિરેક્ટર 'ઉંચાઈ' ફિલ્મની આ યાત્રા દ્વારા પાત્રોની આંતરિક સફરને કોઈપણ પ્રકારની ભાષણબાજી વિના આત્મવિશ્લેષણ દ્વારા રજૂ કરે છે. ભલે 'ઉંચાઈ'માં વૃદ્ધ પાત્રોની વાત હોય પણ, તેમાં નવી પેઢીનો વિચાર અને તેઓની સમસ્યાને નકાર્યા નથી. સૂરજ બડજાત્યાએ 'ઉંચાઈ' ફિલ્મમાં એ વાતનું ધ્યાન રાખ્યું છે કે ફિલ્મમાં માત્ર કરૂણ વાર્તા નહીં પરંતુ, હાસ્ય અને ઈમોશન પણ જોડાયા છે. હિમાલયની વાત પણ 'ઉંચાઈ'માં સુંદર રીતે રજૂ કરાઈ છે. પણ, એક એવી વાત પણ છે કે 'ઉંચાઈ'ના લંબાઈ આજના સમયની ફિલ્મમાં જોવા મળે તે કરતા લાંબી છે. 'ઉંચાઈ'નો ફર્સ્ટ હાફ લાંબો છે પણ બીજા હાફમાં તે થોડી અવ્યવસ્થિત દેખાય છે. 'ઉંચાઈ'માં દિલ્હી આગ્રા કાનપુર લખનઉ ગોરખપુર કાઠમંડુની યાત્રા ઘણી રસપ્રદ રીતે રજૂ કરાઈ છે. ફિલ્મ 'ઉંચાઈ'માં તમામ લોકેશન સુંદર છે અને વિવિધ સ્થળોનું ફૂડ તેમજ સંસ્કૃતિ સારીરીતે રજૂ કરાઈ છે. 'ઉંચાઈ'માં તમામ પાત્રનો અભિનય ઘણો સારો છે. દોસ્તી અને જીવનના ઉદ્દેશ્યને સમજવા માટે 'ઉંચાઈ' ફિલ્મ ખાસ જુઓ. સૂરજ બડજાત્યાના બેનર રાજશ્રી પ્રોડકશન હેઠળ બનનારી આ ૬૦મી ફિલ્મ છે. ફિલ્મનું મ્યુઝિક અમિત ત્રિવેદીએ તૈયાર કર્યું છે. આ ફિલ્મ ત્રણ મિત્રોના એડવેન્ચરની સ્ટોરી દર્શાવશે. અહીં ખાસ વાત એ છે કે, અમિતાભ બચ્ચન, બોમન ઈરાની અને અનુપમ ખેર પોતાના ચોથા મિત્રની અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે એવરેસ્ટ ઉપર જવાનું નક્કી કરે છે. પરિણીતી ચોપરા તેમની લીડર હશે, જે ટ્રેકિંગમાં ટીમને મદદ કરશે. ઉંમરના પડકારો સાથે એવરેસ્ટ ઉપર જવાની જર્ની કેવી રહેશે, તે તમામ વાતો આ ફિલ્મમાં જોવા મળશે.

# સુરજકરાડી, મીઠાપુર અને આરંભડાનાં વેપારીઓ દ્વારા ધારાસભ્ય પબુભા માણેકનું સન્માન કરાયું

**એક હજારથી વધુ વેપારીઓએ પબુભામાં વિશ્વાસ વ્યકત કરીને તેમનાં ઉજ્જવલ ભવિષ્ય માટે શુભેચ્છા આપી**





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૨

સુરજકરાડી ચેમ્બર ઓફ કોમર્સ, મીઠાપુર ચેમ્બર ઓફ કોમર્સ, આરંભડા વેપારી મંડળ અને જીઆઈડીસી પ્લોટ ધારક એસોસિએશનનાં વેપારીઓએ સાથે મળીને પબુભા માણેકનું મીઠાપુરનાં સબરસ ખાતે સન્માન રાખેલ હતું. આ પ્રસંગે બારાડીનાં ઉદ્યોગપતિ અને લોહાણા સમાજનાં મોભી મોટાભાઈ, નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોનાં પ્રમુખો, સદસ્યો, આગેવાનો ઉપરાંત બહોળી સંખ્યામાં વેપારીઓ હાજર રહ્યા હતા.

# શું રાજ્યના રાજકારણમાં રઘુવંશીઓના રાજકારણનો અંત ?

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૧૨

રાજ્ય વિધાનસભાની રચના બાદ રાજ્યના રાજકારણમાં રઘુવંશીઓનો રાજકીય દબદબો રહેલ પરંતુ ત્યારે દેશ અને રાજ્યમાં રાજકીય પક્ષ તરીકે રહેલ કોંગ્રેસ દ્વારા રઘુવંશીઓની ઉપેક્ષા થવા લાગતા રઘુવંશીઓએ પોતાની આબરૂ અને સેવાઓના આધારે રાજકારણમાં રઘુવંશીઓનો દબદબો ચાલુ રાખવા અને જ્ઞાતિના ભાઈઓના સ્પોર્ટથી સક્રિય રહેવાનું ચાલુ રાખી અપક્ષ ઉમેદવાર તરીકે પણ ધારાસભામાં સ્થાન મેળવેલ પરંતુ રાજયમાં વર્ષ ૧૯૯૭થી ભાજપના થયેલ ઉદય બાદ હાલમાં રઘુવંશીઓની રાજકારણમાં ઉપેક્ષા થવાનું કે કરવાનું રાજકારણ બંને રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવ્યાનું જણાય છે. જે અંગેની વિગતો મુજબ વર્ષ ૧૯૬૨માં બૃહદ મુંબઈ રાજ્યમાંથી અલગ થઈ મહારાષ્ટ્ર અને ગુજરાત નામના અલગ અલગ રાજ્ય બનેલા ગુજરાત રાજ્યમાં રાજકીય રીતે અગાઉના મુંબઈ રાજ્યના વ્યવસાયમાં સક્રિય રહેલ રઘુવંશી સમાજે અહીં વ્યાપાર સાથે રાજકીય રીતે પોતાની અલગ ઓળખ ઉભી કરી. રાજયના રાજકારણમાં સક્રિય ભાગ લઈ પોતાની ઓળખ ઉભી કરેલ અને રાજકીય રીતે સમાજમાં પણ પોતાનું અને સમાજનું સ્થાન અગાઉની માફક જાળવી રાખેલ અને વ્યાપાર સાથે જોડાયેલા આ સમાજે સામાન્ય પ્રજા સાથેના સીધા સંપર્કના કારણે પ્રજાના પ્રશ્નોને પણ વાચા આપવાની જવાબદારીઓ નિભાવેલ છે. ત્યારે વર્ષ ૧૯૭૮માં કોંગ્રેસના વિભાજન બાદ રાજ્યના રાજકારણમાં જ્ઞાતિ વોટ બેંક અંકે કરવા આઝાદી બાદ પછાત રહેલ સમાજના નામે વોટ બેંક આધારિત વોટબેંકને નોટ બેંકમાં ફેરવી આપવાની બુચડી આપી રાજ્યના રાજકારણમાં ખામ થિયરીના અમલ સાથે રઘુવંશી સમાજને રાજ્યના રાજકારણમાંથી સાઈડ પાસ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવ્યાનું નકારી શકાતું નથી. ત્યારે કોઈપણ જોખમ ઉઠાવવાની હિંમત ધરાવતા આ સમાજે રાજ્યના રાજકારણમાં પોતાની ભૂમિકા જાળવી રાખવા અપક્ષ ઉમેદવાર તરીકે પણ ચૂંટણી લડવાની હિંમત દર્શાવી વર્ષ ૧૯૮૫માં દ્વારકાથી કોંગ્રેસના મુખ્યમંત્રીના ચહેરા મનાતા સ્વ. ચીમનભાઈ પટેલના ખાસ અને અંગત ગણાતા સ્વ. જમનભાઈ પાબારીએ કોંગ્રેસની ટીકીટ ના મળતા અપક્ષ ઉમેદવાર બની વિજેતા બની રઘુવંશી સમાજને હક્ક માટે લડવાનો સમય આવી ગયાનો નિર્દેશ આપેલ. જેના પરિણામ સ્વરૂપે વર્ષ ૧૯૯૦ની ચૂંટણીમાં લાલપુરની બેઠક ઉપરથી સ્વ. બાબુભાઈ લાલ અને જૂનાગઢની બેઠક ઉપરથી મહેન્દ્રભાઈ મશરૂ વિજેતા બની રાજ્યના રાજકીય પક્ષોને અને સમાજને સ્પષ્ટ સંદેશ આપેલ કે, રઘુવંશી સમાજની ઉપેક્ષા સર્વ સમાજ સ્વીકારતું નથી. જેનું પરિણામ વર્ષ ૧૯૮૫માં એક અને ૧૯૯૦માં સૌરાષ્ટ્રમાંથી બે રઘુવંશી ધારાસભ્યને પ્રજાએ પોતાના આવાજ તરીકે ચૂંટી મોકલ્યા છે. પરંતુ ત્યારબાદ રઘુવંશીનું રાજકીય કદ ઘટાડવા અને તેની ઉપેક્ષા કરવાનું રાજયમાં કાર્યરત બંને રાજકીય પક્ષોએ ચાલુ કર્યું હોય તેમ સૌરાષ્ટ્રમાંથી કોઈ રઘુવંશીને ટીકીટ આપવાનું જ બંધ કરી નાખેલ. પરંતુ સ્વ. હરિદાસ લાલ ઉર્ફે બાબુભાઈ લાલના મોટા પુત્ર અશોકભાઈ લાલે હિંમત કરી વર્ષ ૧૯૯૫માં ભાણવડથી રઘુવંશીના પ્રતિનિધિ સ્વરૂપે રાજ્યના રાજકારણમાં રાજકીય પ્રવેશ સ્વરૂપે કોંગ્રેસ પક્ષની ટીકીટ પોતાના મત ક્ષેત્ર બહારના વિસ્તાર માટે માંગતા અને ના મળતા અપક્ષ સ્વરૂપે ઉમેદવારી નોંધાવી હાર્યા તે પણ ફક્ત ૧૫૦૦ મતે અને રાજકીય પક્ષોને સ્પષ્ટ સંકેત આપેલ કે સર્વે સમાજના સર્વ સ્વીકૃત જ્ઞાતિ તરીકે રઘુવંશી છે. જેના ફલ સ્વરૂપે સૌરાષ્ટ્રના જૂનાગઢ થઈ બે ટર્મથી જંગી બહુમતીથી ચૂંટાતા રઘુવંશી સમાજના મહેન્દ્રભાઈ મશરૂને ભાજપ દ્વારા ટીકીટ આપતા ચૂંટણી પહેલા જ વિજેતા સીટ બનેલ આ બેઠક ઉપર મહેન્દ્રભાઈ મશરૂએ ફરીને રાજકીય પક્ષોને રઘુવંશી સમાજને સર્વ સમાજ સ્વીકાર્ય છે તે સાબિત કરી આપેલ. પરંતુ ત્યારબાદ કોંગેસ પક્ષે તો રઘુવંશીઓની ઉપેક્ષા કરવાનું શરૂ કરેલ અને ભાજપ દ્વારા આ સમાજનો સ્વીકાર કરવાનું ચાલુ કરેલ. પરંતુ ભાજપના રઘુવંશી સમાજના સ્વીકાર અને કોંગ્રેસની ઉપેક્ષા બાદ ફરીને કોંગેસ પક્ષ દ્વારા વર્ષ ૨૦૧૭માં પોતાના વર્ષ ૧૯૯૫ના ઉમેદવાર સ્વ. હરિદાસભાઈ લાલ ઉર્ફે બાબુભાઈ લાલના પુત્ર અશોકભાઈને જામનગરમાંથી ચૂંટણી લડાવાયેલ પરંતુ કેન્દ્રમાં ભાજપની સરકાર અને રાજયમાં પણ ૧૭ વર્ષથી કાર્યરત ભાજપની સરકારના પક્ષ પ્રમુખ રહેલા સામે હારી જતા અને અન્ય વાંકાનેરની બેઠક ઉપર ભાજપના જ જીતુભાઈ સોમાણીનો અને જૂનાગઢમાંથી મહેન્દ્રભાઈ મશરૂનો પણ પરાજય થયા. રઘુવંશી સમાજે આ અંગે મંથન કરવાના બદલે રાજકીય પક્ષોએ મંથન કરી હવે રઘુવંશી સમાજની ઉપેક્ષા કરવાનું ચાલુ કરેલ હોય તેમ કચ્છમાંથી છેલ્લી પાંચ ટર્મથી વિજેતા થતા નીમાબેન આચાર્યને એક વર્ષ પહેલા રાજ્ય નવા મંત્રી મંડળમાં સ્થાન આપવાના બદલે વિધાનસભાના અધ્યક્ષ બનાવી આડકતરો સંકેત તેમને અને રઘુવંશી સમાજને આપેલ કે હવે તેમની રાજકીય કારકિર્દી સમાપ્ત થાય છે. ત્યારે હવે વર્ષ ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીમાં કોંગેસ અને ભાજપ દ્વારા રઘુવંશી સમાજની ઉપેક્ષા કરવામાં આવેલ હોય તેમ કચ્છમાંથી નીમાબેન આચાર્ય અને જૂનાગઢમાંથી મહેન્દ્રભાઈ મશરૂને ટીકીટ ના આપવા સાથે ગત ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર બની જામનગરની સીટ ઉપરથી હારેલા અશોકભાઈ લાલના નાના ભાઈ કે જે જામનગર ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ અને લોહાણા મહાજનના પ્રમુખ તરીકે વર્ષોથી સેવા આપતા અને સંભવિત વિજેતા ઉમેદવાર ગણાતા જીતુભાઈ લાલને પણ ટીકીટ ના આપતા અને એક માત્ર ગત ચૂંટણીમાં હારેલા વાંકાનેરની બેઠક ઉપર ફરીને જીતુભાઈ સોમાણીને ટીકીટ આપી પક્ષ દ્વારા રઘુવંશી સમાજની ઉપેક્ષા કરવામાં આવેલ નથી તે દેખાડવાનો પ્રયાસ કરેલ છે. ત્યારે હવે રાજકોટની રઘુવંશી યુવા શક્તિ સંગઠન મેદાનમાં ઉતરી છે અને રાજકીય પક્ષો દ્વારા રઘુવંશી સમાજની કરવામાં આવેલ ઉપેક્ષા સામે સંગઠિત થઈ ભાજપ કાર્યાલય કમલમ ઉપર રજુઆત કરવાની અન્યથા પરિણામ ભોગવવાની જાહેરાત રાજ્યના રાજકીય નિરીક્ષકોને વિચારતા કરી નાખ્યાનું નકારી શકાતું નથી. જ્યારે બીજી બાજુ આ પ્રશ્નને વાંચા આપવા જૂનાગઢથી એક રઘુવંશી યુવાને અપક્ષ ઉમેદવારી પણ નોંધાવેલ છે. ત્યારે હવે રઘુવંશી આગેવાનોએ આગળ આવી સમાજની થતી રાજકીય ઉપેક્ષા અંગે ચર્ચા વિચારણા કરી યુવા શક્તિને માર્ગદર્શન આપી સમાજની મત બેંકનો પરચો બતાવવાનો સમય આવ્યાનું નકારી શકાતું નથી. ત્યારે એક હકિકત હવે રઘુવંશી સમાજ માટે સ્પષ્ટ બની ગયેલ છે કે, "કાં નાઉ અન્યથા નેવર" તે પણ હકિકત છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના દેશી-વિદેશી દારૂ સામે પોલીસ તંત્રની લાલ આંખ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પોલીસ તંત્ર દ્વારા દેશી-વિદેશી દારૂ અંગેની પ્રવૃત્તિ સામે કડક સાથે કામગીરી કરવામાં આવી હતી. જેમાં ગઈકાલે શુક્રવારે પોલીસે ડઝનબંધ ગુનાઓ નોંધ્યા છે. આ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ગઈકાલે ભાણવડ પંથકમાં પેટ્રોલિંગ દરમિયાન બરડા ડુંગર વિસ્તારમાં આવેલા રાણપર ગામની વીડી વિસ્તારમાં દરોડો પાડી, રાણપર ગામના ભીખા માંડા રબારી નામના શખ્સ દ્વારા ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલો ૩૫૦ લીટર દેશી દારૂ પકડી પાડ્યો હતો. જેમાં પોલીસે રૂપિયા ૭,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પરંતુ આરોપી ભીખા માંડા રબારી પોલીસને હાથ લાગ્યો નહતો. જે સંદર્ભે ગુનો નોંધવામાં આવ્યો છે. દ્વારકા પોલીસે કાનદાસ બાપુના આશ્રમ પાસે રહેતા અર્જુન નવીનભાઈ માણેક નામના ૨૨ વર્ષના શખ્સને રૂપિયા ૨,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ચાર બોટલ સાથે ઝડપી લીધો હતો. કલ્યાણપુર તાલુકાના ભાટવાડિયા ગામે પોલીસે મોડી રાત્રીના સમયે દરોડો પાડી, દેશી દારૂ, દારૂ બનાવવાના આથા તેમજ દારૂની ભઠ્ઠીના જુદા જુદા સાધનો ઉપરાંત મોટરસાયકલ, મોબાઈલ ફોન વિગેરે મળી, કુલ રૂપિયા ૧૭,૫૫૦ના મુદ્દામાલ સાથે ભાટવાડીયા ગામના વનરાજભા રાણાભા બઠીયા નામના ૨૮ વર્ષના હિન્દુ વાઘેર શખ્સને ઝડપી લીધો હતો. આ કાર્યવાહીમાં ભાટીયા ખાતે રહેતા સાગર કરમણ ગઢવી નામના શખ્સનું નામ ખુલતા પોલીસે પ્રોહી. એક્ટ મુજબ ગુનો નોંધી, વનરાજભાની અટકાયત કરી, સાગર કરમણ ગઢવીને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

## બરડા ડુંગરમાંથી દેશી દારૂનો તોતિંગ જથ્થો ઝડપાયો : આરોપી ફરાર

કલ્યાણપુર તાલુકાના માલેતા ગામે આવેલા સરકારી ખરાબા ઉપરના તળાવ પાસે પોલીસે દરોડો પાડી, દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા રવિરાજસિંહ અજીતસિંહ જાડેજા, અશોક કારૂભાઈ પરમાર અને વાલા સીદા મુછડીયા નામના ત્રણ શખ્સોને ઝડપી લઈ, ૩૦૦ લીટર દારૂ બનાવવાનો આથો, ૪૦ લિટર દારૂ, ગેસ સિલિન્ડર વિગેરે મુદ્દામાલ કબજે કર્યો હતો. ખંભાળિયાના ધરાનગર વિસ્તારમાં આવેલા ગોવિંદ તળાવ પાસે રહેતા લખમણ કરમણ ભાચકન નામના શખ્સના રહેણાંક મકાનમાં ગત સાંજે પોલીસે દરોડો પાડી, ૫૦ લિટર દેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં આ જ વિસ્તારમાં રહેતા રામ કરસન ભાચકન અને હરસિધ્ધનગર વિસ્તારમાં રહેતા રાણા નાગસી ભાચકન નામના બે શખ્સોના નામ પણ ખુલ્યા છે. જેની શોધખોળ પોલીસ હાથ ધરી છે. પોલીસની આ કાર્યવાહીથી દારૂડિયા તત્વોમાં દોડધામ મચી જવા પામી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળિયા બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તારીખ પહેલી ડિસેમ્બરના રોજ યોજાનાર વિધાનસભાની ચૂંટણીના મતદાન સંદર્ભે મહત્વની એવી અને પ્રતિષ્ઠાના જંગ સમાન બની ગયેલી ખંભાળિયા બેઠક માટે બે દિવસ પહેલા કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિક્રમભાઈ માડમનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ અહીં ભાજપના સક્ષમ ઉમેદવારોની નમાવલીમાં ભારે ગડમથલ તેમજ જીતના અંકોડા મેળવવાના કારણોસર ગઈકાલે રાત્રે સુધી ઉમેદવારના નામની જાહેરાત થઈ ન હતી. આજરોજ સવારે ભાજપના મોવડી મંડળ દ્વારા ઉમેદવારોને જારી કરવામાં આવેલી બીજી યાદીમાં ખંભાળિયાના ઉમેદવાર તરીકે ભાણવડના પૂર્વ ધારાસભ્ય તથા પૂર્વ રાજ્યમંત્રી મુળુભાઈ બેરાનું નામ વિધિવત રીતે જાહેર કરી દેવામાં આવતા તમામ અટકળો અને અનુમાનો ઉપર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ખંભાળિયાના બેઠક ઉપર ગઈકાલ સુધી મુળુભાઈ બેરા સાથે સતવારા સમાજના અગ્રણી મેરામણભાઈ ભાટુ તેમજ સતવારા સમાજના અગ્રણી હરિભાઈ નકુમનું નામ પણ પ્રથમ હરોળમાં ચર્ચાતુ હતું.

# અમરેલીના બૂટલેગરોની દિવથી દારૂ ભરેલ કાર ચલાલા પોલીસે ઝડપેલ જેમાં ઉનાના નિર્દોષ માણસનું નામ લખાવી અને બદનામ કરાવેલ

**મિત્ર પાસેથી હાથ ઉછીના રૂપિયા લીધેલ અને દારૂ ક્યાંથી લીધેલ તો ખોટું નામ લખાવી દીધેલ અને ફરીથી એમનો મિત્ર માલ અંબાવા આવેલ**

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૧૨

ઉનાથી કોઈ અમરેલી વાળા બુટલેગરમાં જાણીતા પાસેથી માલનું સેટિંગ કરી અને દારૂ ભરેલી કારમાં અમરેલી જતા હશે એવામાં ચલાલા પોલીસને બાતમી મળેલ અને વોચ ગોઠવી અને તલાસી કરતાં ચોરખાનામાંથી દારૂ મળેલ હતો. એવામાં અનુભવી અમરેલીના બુટલેગરે ૩ મહિના પેલા એમના ઉનાની નજીક કંસારીના રહેવાસી ચંદ્રકાંત સાથે રૂપિયાની લેતી-દેતી બાબતે બોલાચાલી થયેલ એવામાં એમનું ખોટું નામ દારૂની ખરીદી ત્યાંથી કરેલ એવું ચલાલા પોલીસમાં ખોટું નામ લખાવેલ અને ચલાલા પોલીસે લખી લીધેલ અને એ પછી પણ હજુ ચંદ્રકાંતએ કોઈનું ક્યાંય નામ નથી ખોલાવેલ એવામાં જેમના ખાતામાં ચંદ્રકાંતએ રૂપિયા ઉછીનાનો વેવાર કરેલ એમના જ મિત્રના ગૂગલ પેયમાં ૩ મહિના અગાઉ લીધેલ એટલે એમનું પણ ખોટું નામ માલ અંબવા આવેલ અને ખોટી રીતે નિર્દોષ લોકોને દારૂના કેસમાં ફસાવવાની કોશિષ કરી રહ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળેલ છે અને ચલાલા પોલીસ અમરેલીના બુટલેગર કે એના જાણ્યા વગર લખીજ નાખે છે અને નિર્દોષ યુવાનોની જિંદગી ગોટાળે ચડાવી નાખે છે. હવે જોવાનું એ છે કે, હજુ કેટલાય નિર્દોષ લોકોની જીંદગી સાથે છેડા કરે છે પોલીસ ખાતું.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ રીઢા ગુનેગારો સામે પાસા અંગે કાર્યવાહી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા તમામ દિશાઓમાં કડક ખાતે કામગીરી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત જિલ્લામાં અનેકવિધ ગુનાઓ સાથે સંડોવાયેલા શખ્સોને પોલીસે પાંજરે પૂરી, પાસા અંગેની કાર્યવાહી કરી હતી. આ અંતર્ગત જિલ્લાના ખંભાળિયા કલ્યાણપુર તથા દ્વારકા તાલુકાના ત્રણ શખ્સો સામે પાસા મંજૂર કરાવી અને જેલ હવાલે કર્યા છે તેવા ઈમરાન રજાક સંઘાર, આ જ રીતે મીઠાપુરના એભાભા વિરાભા સુમણીયા, તેમજ દારૂ અંગેના જુદા જુદા ગુનાઓમાં સંડોવાયેલા કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા વેજાભા નાનભા કેર નામના કુલ ત્રણ શખ્સો સામે જિલ્લા પોલીસ નિતેશ પાંડેયએ કડકવલણ અખત્યાર કરી, પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી, અને અહીંના જિલ્લા કલેકટર એમ.એ. પંડ્યા સમક્ષ મૂકવામાં આવી હતી. જિલ્લા ક્લેક્ટર દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને તકેદારીના પગલાં રૂપે તાકીદનો નિર્ણય લઈ, આ ત્રણેય શખ્સો સામેની પાસાની દરખાસ્ત મંજૂર રાખવામાં આવી હતી. જે સંદર્ભે પોલીસે ઉપરોક્ત ત્રણેય શખ્સો સામે વોરંટી ઈસ્યુ કરી, મીઠાપુરના એભાભા સુમણીયા અને લાંબાના વેજાભા કેરને સુરતની મધ્યસ્થ જેલ ખાતે જ્યારે સલાયાના ઈમરાન સંઘારને વડોદરાની મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવામાં આવ્યા હતા.

# વડોદરામાં જીલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજનું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

વડોદરા તા. ૧૨

વડોદરા જીલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજનો જીવનસાથી પસંદગી સંમેલન (૫૭મું) ઝાંસી રાણી મેદાન, સુભાનપુરા, વડોદરા ખાતે તા. ૧૯-૨-૨૩ રવિવાર મહાવદ-૧૪નાં યોજાશે. ઉત્સુક ઉમેદવારે ફોર્મ મેળવવા નજીકના સમાજનાં સક્રીય સાથીને રૂબરૂ મળવું. અથવા ટપાલથી ઈશ્વર દવે, ૯, કમલકુંજ સોસાયટી, અર્પણ કોમ્પ્લેક્ષ પાસે, નિઝામપુરા વડોદરાને લખવાથી વિના મુલ્યે ઘર બેઠા મોકલી અપાશે.

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 288, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

